તા.:૨૧– ૦૪ –૨૦૧૫ ની કારોબારી સમીતીની કાર્યનોંધ..

---

<u>કામ નં.–૧.</u>

<u>વિષયઃ–</u> જાહેર બાંધકામ શાખામાં લેબર ટ્રીબ્યુનલ ચુકાદા અન્વયેના કામદાર શ્રી કાલીદાસ મંગુભાઈ નાયકાને હકક રજાના નીકળતાં પગારની રકમ રૂા.૨,૧૬,૭૩૦/–ચુકવણી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,નગરપાલિકાના કર્મચારી શ્રી કાલીદાસ મંગુભાઈ નાયકા, તા.:૩૧–૩–૨૦૧૫ ના રોજ વયમર્યાદાને કારણે કા.સ.ઠ.નં. ૩૪૩ / તા.:૦૨–૦૩–૨૦૧૫ થી મંજુર થયા મુજબ, નિવૃત્ત થયેલ હોય, તેઓની **S. B.**ની ચકાસણી કરતાં તેમની નિયમોનુસાર નીકળતી કુલ–૩૦૦ હકક રજા જમા છે. અને જેનું રોકડમાં ચુકવણું કરવાપાત્ર હોય, એ બાબતનો એકાઉન્ટન્ટશ્રીનો આવેલ રીપોર્ટ વંચાણે લઈ, અરજદાર કર્મચારીશ્રી કાલીદાસ મંગુભાઈ નાયકાનું હકક રજા અંગેનું આવેલ પગાર બીલ રૂા.૨,૧૬,૭૩૦/– અંકે રૂા.બે લાખ, સોળ હજાર,સાતસો ત્રીસ પુરાનું ચુકવણું કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, ચુકવણી કરવાનું મંજુર કરવા આથી ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૨.</u>

<u>વિષયઃ–</u> તીથલ રોડ ઉપર વરસાદી પાણીનાં નિકાલ માટેની આર.સી.સી. પાઈપલાઈન ,૪૫૦એમએમ ડાયાની પાઈપલાઈન ગટરનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૩,૦૩,૫૫૩/– મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ચોમાસાની સીઝનને ધ્યાનમાં લઈ શહેરમાં તિથલ રોડ ઉપર વરસાદી પાણીનો ભરાવો નહી થાય તે માટે વરસાદી પાણીનાં નિકાલ માટેની આર.સી.સી. પાઈપલાઈન ૪૫૦ એમએમ ડાયાની પાઈપલાઈન ગટર બનાવવાની જરૂરીયાત ઉભી થતાં સદરહું કામ કરવામાં આવેલ છે. સદરહું આર.સી.સી. પાઈપ લાઈનનું એસ્ટીમેઈટ રૂા.૩,૦૩,૫૫૩/– અંકે રૂા. ત્રણ લાખ, ત્રણ હજાર, પાંચસો ત્રેપન પુરા મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૩.</u>

<u>વિષયઃ–</u>વોર્ડ નં.–૧૦નાં દડગીંયા વિસ્તારમાં વરસાદી / વપરાશી પાણીના નિકાલ માટે આર.સી.સી.પાઈપલાઈન સ્ટ્રોમ વોટર ડ્રેઈન નાંખવા અંગેનું એસ્ટીમેઈટ રૂા.૪,૨૩,૦૯૦/– મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વોર્ડ નં.–૧૦ માં દડંગીયા વિસ્તારમાં વરસાદી પાણીનો ભરાવો રહે છે. તથા સદર વિસ્તાર નીચાણવાળો હોય, જેથી વરસાદી / વરસાદી પાણીના નિકાલ માટે આર.સી.સી. પાઈપલાઈન ૧૪૦૦ એમએમ એન.–૩ સ્ટ્રોમ વોટર ડ્રેઈન નાંખવી જરૂરી હોય જે અંગેના કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૪,૨૩,૦૯૦/–પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૪.</u>

<u>વિષયઃ–</u> વોર્ડ નં.–૧૦માં આવેલ મહાદેવ નગર વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે ૧૪૦૦ એમએમ ડાયાનાં આર.સી.સી.પાઈપ નંગ–૧૨, શ્રી લક્ષ્મી સીમેન્ટ પ્રોડકટસ,નંદાવલા, વલસાડ પાસેથી ખરીદી કરેલ જેનું આવેલ બીલ રૂા.૨,૪૪,૨૦૦/– મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વોર્ડ નં.–૧૦ માં આવેલ મહાદેવ નગર વિસ્તારમાં ચોમાસા દરમ્યાન વરસાદી પાણીનો ખુબજ ભરાવો થઈ જાય છે. જેના કારણે સદરહું વિસ્તારોમાં રહીશોને અવર જવર કરવાની ખુબજ તકલીફ પડે છે. જેથી સદર વરસાદી પાણીના નિકાલ માટે ૧૪૦૦ એમએમ ડાયાનાં આર.સી.સી. પાઈપલાઈન નાંખવામાં આવે તો સદરહું વિસ્તારોનાં રહીશોની વરસાદી સીઝન દરમ્યાન તકલીફ ઓછી થાય છે. જેથી સદર કામગીરી કરવી ખુબજ જરૂરીયાત હોવાથી, વલસાડનાં શ્રી લક્ષ્મી સીમેન્ટ પ્રોડકટસ, નંદાવલા, વલસાડ પાસેથી ૧૪૦૦ એમએમ ડાયાનાં આર.સી.સી. પાઈપ નંગ–૧૨ ની ખરીદી કરવામાં આવેલ છે. સદરહું સને ૨૦૧૪–૧૫નાં વર્ષમાં ટેન્ડર હોય, પરંતુ ૨૦૧૪–૧૫ નાં સદરહું આઈટમનાં ભાવોનો સમાવેશ કરેલ નથી જેથી સદર સપ્લાયર્સ પાસેથી ઈમરજન્સીમાં પાઈપોની ખરીદી કરેલ છે. જેથી સદર કરેલ ખરીદીને બહાલ રાખી તેમના તરફથી આવેલ બીલની રકમ રૂા. ૨,૪૪,૨૦૦/–પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૫.</u>

<u>વિષયઃ–</u> નામદાર સરકારશ્રીનાં સુચન મુજબ શહેરને, રાજયને " સ્માર્ટ સીટી " બનાવવાની જરૂર છે. જે અન્વયે ,જીપીએસ સીસ્ટમની મદદથી નગરપાલિકાની માલીકીનાં વાહનો ઉપર ટ્રેકીંગ સીસ્ટમ ફીટીંગ કરાવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, નામદાર સરકારશ્રીનાં સુચન મુજબ શહેરને, રાજયને " સ્માર્ટ સીટી " બનાવવાની જરૂર છે. જે અન્વયે શહેરમાં નગરપાલિકાનાં જુદા જુદા વ્હીકલો બાંધકામ શાખાનાં / આરોગ્ય શાખાનાં / હોસ્પીટલની એમ્બ્યુલન્સ / ફાયરનાં સાધનો વિગેરે શહેરનાં જુદા જુદા માર્ગો ઉપર કામગીરી બજાવે છે. નામદાર સરકારશ્રીની નવી મળેલ સૂચના મુજબ ધનકચરાનું કલેકશન / ટ્રાન્સપોટેશન સુવ્યવસ્થિત રીતે થાય તથા ઝડપી થાય તે માટે ,જીપીએસ ટ્રેકીંગ સીસ્ટમ વાહનો ઉપર બેસાડવા જણાવેલ છે. જે સંદર્ભે તા.:૩/૨/૨૦૧૫ નાં રોજ મળેલ " હીન્દુસ સોફટવેર– અમદાવાદની આવેલ ઓફરને ધ્યાનમાં લઈ નગરપાલિકાની માલીકીનાં વાહનો ઉપર જીપીએસ ટ્રેકીંગ સીસ્ટમ ફીટીંગ જરૂરીયાત મુજબ બેસાડવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૬.</u>

<u>વિષયઃ–</u> વહીવટી શાખા માટે સ્કેનર તથા કોમ્પ્યુટર સીસ્ટમોમાં સોફટવેર રન કરી શકાય તે માટે પાર્ટસ તેમજ હોસ્પીટલ શાખા માટે યુપીએસ બેટરીનાં આવેલ ભાવો મંજુર કરવા બાબત..

<u>ઠરાવઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકામાં વહીવટી શાખામાં ઈન્વર્ડ–આઉટવર્ડ સોફટવેર ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે. જેમાં આવતી સરકારશ્રીનાં વિવિધ ખાતાઓમાંથી આવતી ટપાલોને કાયમી સ્વરૂપના રેકર્ડની જાળવણીનાં ભાગરૂપે કોમ્પ્યુટરમાં સ્કેન કરી ડાઉનલોડ કરવાનાં કામે નગરપાલિકા પાસે હાલે જે સ્કેનર મશીન છે. તે **A / 4** , સાઈઝનું સ્કેનર છે જે નાનુ પડતુ હોવાથી લીગલ સાઈઝનું સ્કેનર તથા ખાતામાં ઈન્સ્ટોલ કરેલ ત્રણે કોમ્પ્યુટર સીસ્ટમોમાં આ સોફટવેર રન કરી શકાય તે માટે (૧) **D-Link 5 port switch**–અને **D-Link CAT 6 Cable** સાથે કનેકટ કરવાનાં કામે ખરીદ કરવાની તથા હોસ્પીટલ વિભાગ માટે ખરીદવામાં આવેલ ડેલ કું. ના સીસ્ટમમાં ઈન્સ્ટોલ કરવામાં આવેલ **O.P.D. & I.P.D.** વિભાગ માટે બનાવડાવવામાં આવેલ સોફટવેરને કારણે બેટરીની ક્ષમતા ઓછી પડતી હોવાના કારણે સોફટવેર સપ્લાયરનાં તા.:૧૮–૩–૨૦૧૫ નાં રોજનાં લેખીત અભિપ્રાય મુજબ **1 KVA TO 3 KVA** ની ક્ષમતાવાળી બેટરી ઈન્સ્ટોલ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થતા તે અંગેના ભાવપત્રક મંગાવતા નીચે મુજબના ઠેકેદારોએ માલસામાનના ભાવ સપ્લાય કરેલ છે.

| ક્રમ | સપ્લાય કરવા પાત્ર માલસામાનની વિગત. | માઈક્રોટેક, તીથલ રોડ, વલસાડ. | **VIR Infosys,** નાગરવાડ, નવસારી. | **DC-COMPUTERS,** ગણદેવી,નવસારી રોડ,ગણદેવી–૩૯૬૩૬૦ |
|---|---|---|---|---|
| | | ભાવ રૂા. | ભાવ રૂા. | ભાવ રૂા. |
| ૧. | વહીવટી શાખા | | | |
| ૧ | કેનન **A/4** સાઈઝ સ્કેનર | ૪૬૦૦–૦૦ | ૪૫૦૦–૦૦ | <u>૪૦૦૦–૦૦</u> |
| ૨ | **HP** લીગલ સાઈઝ સ્કેનર | ૧૪૦૦૦–૦૦ | ૧૩૫૦૦–૦૦ | <u>૧૩૦૦૦–૦૦</u> |
| ૩ | **D-Link 5 port switch** | ૮૦૦–૦૦ | <u>૭૦૦–૦૦</u> | <u>૭૦૦–૦૦</u> |
| ૪ | **D-Link CAT 6 Cable** | રૂા.૨૭–૦૦ **PER METER** | રૂા.૨૬–૦૦ **PER METER** | <u>રૂા.૨૫–૦૦</u> **PER METER** |
| ૫ | **Intallation Charge** | ૧૨૦૦–૦૦ | <u>૧૦૦૦–૦૦</u> | <u>૧૦૦૦–૦૦</u> |
| ૨. | હોસ્પીટલ શાખા | | | |
| ૧ | **Power Safe 1 KVA UPS** | ૫૫૦૦–૦૦ | ૫૩૦૦–૦૦ | <u>૫૦૦૦–૦૦</u> |

..૩..

ઉપરોકત આવેલ ભાવોનું તુલનાત્મક પત્રક જોતાં એકંદરે **DC-COMPUTERS**,ગણદેવી,નવસારી રોડ,ગણદેવી–૩૯૬૩૬૦ ના ભાવ વહીવટી શાખા માટે લીગલ સાઈઝ સ્કેનર, પોર્ટ સ્વીચ, **CAT 6 Cable** તથા તે અંગેનો ઈન્સ્ટોલેશન ચાર્જ તેમજ હોસ્પીટલ શાખા માટે **Power Safe 1 KVA UPS** બેટરીનાં ભાવો અન્ય ઠેકેદારોની સરખામણીમાં સૌથી ઓછા અને વ્યાજબી ભાવ હોય તેમની પાસે સદર માલ–સામાન ખરીદવાનું તથા ઈન્સ્ટોલેશન કરાવવાની કામગીરી કરાવવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૭.</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા વિસ્તારમાં જુની વેજીટેબલ માર્કેટ બિલ્ડીંગ ને ના.સરકારશ્રી તરફથી હાલે એનયુએલએમ યોજના હેઠળ વેન્ડર્સ માર્કેટ બનાવવાના કામે કન્સલન્ટન્ટ કમ આર્કીટેકટની નિમણુંક કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા વિસ્તારમાં જુની વેજીટેબલ માર્કેટના ઉપર ૧૨૦ આવાસ આવેલ છે. આ બિલ્ડીંગ ખુબજ જર્જરીત થઈ ગયેલ છે. નામદાર સરકારશ્રી તરફથી હાલે એન.યુ.એલ.એમ. યોજના હેઠળ વેન્ડર્સ માર્કેટ બનાવવા ગ્રાન્ટનું આયોજન કરવામાં આવેલ છે. સદરહું કામે કન્સલન્ટીંગ એન્જીનીયર / આર્કીટેકટની નિમણુંક કરવાની જરૂર છે. જુનું જર્જરીત બિલ્ડીંગને સરકારશ્રીની રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન એન.યુ.એલ.એમ. યોજના અંતર્ગત માર્કેટના સંપૂર્ણ સુવિધાપૂર્ણ અને અદ્યતન વેન્ડર્સ માર્કેટ / પાલીકા બજાર બનાવવા માટે નામદાર ગુજરાત સરકારશ્રીનાં ઉધોગ અને ખાણ વિભાગના પરીપત્ર ટીબીજી / ૧૦૨૦૧૦ / ૨૪૧૪ / સ / તા.: ૧૨/૦૮/૨૦૧૦ થી કન્સલન્ટન્ટ કમ આર્કીટેકટની પેનલ અંતગર્ત શ્રી હિરેન એ. ગાંધી એન્ડ એસોશીયેટસ, અમદાવાદની ઉપરોકત કામે "કન્સલન્ટન્ટ કમ આર્કીટેકટ તરીકે " નિમણુંક કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૮.</u>

<u>વિષયઃ–</u> ગુ.મ્યુનિ. ફાઈ.બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક નં.મફબ/મનો.કર/કેબલ ટીવી / ગ્રાંટ /૨૦૧૪–૧૫ / ૭૭૬૫ – વશી તા.: ૩૧–૩–૧૫, નગરપાલિકા માટે રૂા. ૧૩,૯૫,૨૭૬ /– ગ્રાંટ ફાળવવામાં આવેલ છે. સદરહું ફાળવેલ ગ્રાંટમાંથી શહેરી વિકાસના કામો કરવા બાબત..

<u>ઠરાવઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,ગુ.મ્યુનિ. ફાઈ.બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. .મફબ/મનો.કર/કેબલ ટીવી / ગ્રાંટ /૨૦૧૪–૧૫ / ૭૭૬૫ – વશી તા.: ૩૧–૩–૧૫, નગરપાલિકા માટે રૂા. ૧૩,૯૫,૨૭૬ /– ગ્રાંટ ફાળવવામાં આવેલ છે. ઉપરોકત ફાળવેલ ગ્રાંટમાંથી નીચે જણાવેલ સ્લમ વિસ્તારોમાં કામો નકકી કરી, સદરહુ કામગીરીનો નીચે મુજબ થનાર ખર્ચ મંજુર કરી, કામગીરી કરાવવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | કામની વિગત. | એસ્ટી. રકમ રૂા. |
|---|---|---|
| ૧ | વોર્ડ નં.–૧૪, અબ્રામા વિસ્તારમાં ભગુભાઈના ઘરથી લલ્લુભાઈનાં ઘર સુધી પેવરબ્લોકનું કામ. | ૪,૯૬,૯૦૧–૧૭ |
| ૨ | વોર્ડ નં.–૧૪, અબ્રામા વિસ્તારમાં રાજુભાઈની ગલીમાં પેવરબ્લોકનું કામ. | ૪,૯૬,૯૫૩–૬૧ |
| ૩ | વોર્ડ નં.–૧૪, અબ્રામા વિસ્તારમાં સુમનભાઈની ગલીમાં પેવરબ્લોકનું કામ. | ૪,૯૮,૯૭૭–૩૫ |

ઉપરોકત કામો પૈકી જે વધારાનો ખર્ચ થાય તે સઘળો ખર્ચ નગરપાલિકાના સ્વભંડોળમાંથી કરી, સદર કામગીરી કરાવવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૯.</u>

<u>વિષયઃ–</u> ગુ.મ્યુનિ. ફાઈ.બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક નં.મફબ/મનો.કર/ **SCSP** / ૨૦૧૪–૧૫ / વશી / ૭૪૭૬ / તા.: ૩૧–૩–૧૫, નગરપાલિકા માટે રૂા.૬,૪૭,૭૪૧ /– ગ્રાંટ ફાળવવામાં આવેલ છે. સદરહું ફાળવેલ ગ્રાંટમાંથી શહેરી વિકાસના કામો કરવા બાબત..

<u>ઠરાવઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ગુ.મ્યુનિ. ફાઈ.બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક નં.મફબ/મનો.કર/ **SCSP** / ૨૦૧૪–૧૫ / વશી / ૭૪૭૬ / તા.: ૩૧–૩–૧૫, નગરપાલિકા માટે રૂા.૬,૪૭,૭૪૧ /– ગ્રાંટ ફાળવવામાં આવેલ છે. ઉપરોકત ફાળવેલ ગ્રાંટમાંથી નીચે જણાવેલ સ્લમ વિસ્તારોમાં કામો નકકી કરી, સદરહુ કામગીરીનો નીચે મુજબ થનાર ખર્ચ મંજુર કરી, કામગીરી કરાવવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | કામની વિગત. | એસ્ટી. રકમ રૂા. |
|---|---|---|
| ૧ | વોર્ડ નં.–૧૪, અબ્રામા વિસ્તારમાં પ્રકાશભાઈ ગલીમાં પેવરબ્લોકનું કામ. | ૩,૯૨,૪૩૫–૭૬ |
| ૨ | વોર્ડ નં.–૧૪, અબ્રામા વિસ્તારમાં રમણભાઈની ગલીમાં પેવરબ્લોકનું કામ. | ૪,૭૭,૯૮૭–૪૨ |

ઉપરોકત કામો પૈકી જે વધારાનો ખર્ચ થાય તે સઘળો ખર્ચ નગરપાલિકાના સ્વભંડોળમાંથી કરી, સદર કામગીરી કરાવવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૧૦.</u>

<u>વિષયઃ–</u> સીવીક સેન્ટર શાખામા જનસેવા સોફટવેરનું ઈન્સ્ટોલેશન, કન્સ્લ્ટીંગ ચાર્જનું શ્રી વિનાયક કોમ્પ્યુટર્સ, મુ.પો.ધનોરી,તા. ગણદેવીનું આવેલ બીલ રૂા.૯૦૦૦/–પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકામાં સીવીક સેન્ટર શાખાની શરૂઆત તા.:૧૫–૦૮–૨૦૧૩ નાં રોજથી કરવામાં આવેલ હતી. જે તે સમયે સીવીક સેન્ટર શાખામાં જનસેવા સોફટવેરનું ઈન્સ્ટોલેશન શ્રી વિનાયક કોમ્પ્યુટર્સ, મુ.પો.ધનોરી, તા.ગણદેવી, જિ. નવસારીએ કર્યુ હતું. જેઓ અવર નવર આવી સદર સોફટવેરમાં અપગ્રેડેશન કરતાં આવેલ છે. એઓશ્રીનું ઈન્વોઈસ નંબર : ૦૩૦ / ૧૪–૧૫, તા.:૧૨–૦૩–૨૦૧૫ થી આવેલ તા.:૦૧–૦૪–૨૦૧૫ થી તા.: ૩૧–૦૩–૨૦૧૫ સુધીનું સોફટવેર કન્સલ્ટીંગ ચાર્જનું રૂા. ૯૦૦૦/– (અંકે રૂા. નવ હજાર ) પુરાનું બીલની ચુકવણી કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૧૧.</u>

<u>વિષયઃ–</u> ડ્રે.ક.ઠ.નં.૧ / તા.:૧૦–૦૪–૨૦૧૫ ની ભલામણ મુજબ ,શિવશકિત રો હાઉસ અબ્રામા વિસ્તારમાં સ્લેબ નાંખવાનો ખર્ચ રૂા.૭૦,૦૦૦/–મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવઃ–</u>

ડ્રે.ક.ઠ.નં.૧ / તા.:૧૦–૦૪–૨૦૧૫ ની ભલામણ મુજબ અબ્રામા ખાતે આવેલ સુધાનગર વિસ્તારમાં સ્લેબ નાંખવાનું કામ કા.સ.ઠ.નં. ૭૩ / તા.: ૩૦–૫–૨૦૧૩ તથા જ.બો.ઠ.નં.૧૦૩ / તા.:૩૦–૦૭–૨૦૧૩ થી રૂા. ૭૦,૦૦૦/– પુરાનું મંજુર કરવામાં આવેલ છે. સદર મંજુર થયેલ ભાવોથી શિવશકિત રો હાઉસ અબ્રામા વિસ્તારમાં સ્લેબ તૂટી ગયેલ હોવાથી તાત્કાલીક કોન્ટ્રાકટર શ્રી શાંતીલાલ કે. બારીયાને વર્ક ઓર્ડર નં. ૧૦૭ / તા.: ૦૧/૦૧ /૨૦૧૪ થી આપી કામ કરાવી લેવામા આવેલ. સદર કામને બહાલ રાખી ખર્ચ મંજુર કરવા જ.બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..





<u>કામ નં.–૧૨.</u>

વિષયઃ– ડ્રે.ક.ઠ.નં.૩ / તા.:૧૦–૦૪–૨૦૧૫ ની ભલામણ મુજબ , નાના તાઈવાડ શ્રોફ ચાલ વિસ્તારમાં નવી ડ્રેનેજ લાઈન નાંખવા અંગેનું એસ્ટીમેઈટ રૂા.૩,૮૭,૪૪૯/–મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવઃ–

ડ્રે.ક.ઠ.નં.૩ / તા.:૧૦–૦૪–૨૦૧૫ ની ભલામણ મુજબ વલસાડ શહેરમાં આવેલ નાના તાઈવાડ શ્રોફ ચાલ વિસ્તારમાં પાઈપ લાઈન નાંખવામાં આવેલ છે. જે જુની અને નાના ડાયા મીટરની હોવાથી ગંદા તથા વપરાશી પાણીનો નિકાલ થતો ન હોવાથી જાહેર રસ્તા પર આવે અને ગંદકી થાય છે. જેના કારણે લોકોની વારંવાર ફરીયાદ આવે છે. આ પરિસ્થિતી દુર કરવા માટે ઉપરોકત સ્થળે ૩૦૦ એમએમ ડાયાની નવી ડ્રેનેજ પાઈપલાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા. ૩,૮૭,૪૪૯ /– મંજુર કરવા જ.બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૧૩.

વિષયઃ– ડ્રે.ક.ઠ.નં.૪ / તા.:૧૦–૦૪–૨૦૧૫ ની ભલામણ મુજબ ,ડ્રેનેજ શાખા મારફતે ચલાવવામાં આવતા પમ્પીંગ સ્ટેશન તથા એસ.ટી.પી પ્લાન્ટ પર કામગીરી કરતાં રોજીંદા કર્મચારીઓને ૧૯ દિવસના બદલે ૨૬–દિવસની હાજરી આપી પગાર આપવાનું મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવઃ–

ડ્રે.ક.ઠ.નં.૪ / તા.:૧૦–૦૪–૨૦૧૫ ની ભલામણ મુજબ ,ડ્રેનેજ શાખા મારફતે ચલાવવામાં આવતા પમ્પીંગ સ્ટેશન તથા એસ.ટી.પી પ્લાન્ટ પર કામગીરી કરતાં રોજીંદા કર્મચારીઓ પાસે ૧૯ દિવસનો પગાર આપી ૩૦ દિવસ કામગીરી લેવામાં આવે છે. હાલે ચાલતી આવેલ સેવાઓ નિયમીત રીતે ચાલુ રાખવા માટે સદર કર્મચારીઓને ૨૬ દિવસનો પગાર આપવાની જરૂરીયાત હોય પમ્પીગ સ્ટેશન તથા એસ.ટી પ્લાન્ટ ચલાવતા તમામ રોજીંદા કર્મચારીઓને મહીનામાં ૨૬ દિવસની હાજરી આપી તેટલાજ દિવસોનો પગાર આપવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવા જ.બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૧૪.

વિષયઃ– વોર્ડ નં.–૧૨ માં તિથલ રોડ ગીતાંજલીની સામેની જગ્યા પુરાણ કામ કરી વોકવે – ગાર્ડન બનાવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વોર્ડ નં.–૧૨ માં તિથલ રોડ, ગીતાંજલી સામે ખુલ્લી ગટરમાં આર.સી.સી. ૧૬૦૦ એમએમ ડાયાનાં પાઈપલાઈન નાંખવામાં આવેલ છે. જેથી સદર જગ્યા પૂરાણ કામ કરી યોગ્ય બનાવેલ છે. જેમાં વોકવે – ગાર્ડન જેવી પ્રવૃત્તિ માટે ડેવલપમેન્ટ કરી શકાય એમ છે. તો આ અંગેની જરૂરી કાર્યવાહી કરી સદરહું વિસ્તારમાં ગાર્ડન / વોક વે બનાવવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૧૫.

વિષયઃ–વલસાડ નગરપાલિકા હદ વિસ્તારોમાં (૧) સ્ટેશન રોડ જુના જકાતનાકા (૨) સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુની સામે ઢોરના દવાખાનાની ઉત્તરે,પે એન્ડ યુઝ ટોઈલેટ બાંધકામ કરવાના કામની, એજન્સીની મુદતમાં વધારો કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, જ.બો.ઠ.નં. ૩૦૫ / ૨૭–૧–૧૪ થી ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારોમાં પે એન્ડ યુઝ ટોઈલેટ બાંધકામ કરવાના કામે કા.સ.ઠ.નં.૫૧૦ / ૧૨–૨–૧૪ થી ઠરાવ્યા મુજબ શ્રી સાંઈ સામાજીક સેવા સંસ્થાન, હીંમતનગરને કુલ ચાર સ્થળો પર " પાંચ યુનીટ " પે એન્ડ યુઝ ટોઈલેટ બાંધકામ કરવાના કામે પે એન્ડ યુઝ ટોઈલેટ કુલ બે યુનીટનું બાંધકામ પૂર્ણ કરેલ છે. સદર મંજુર કરવામાં આવેલ સ્થળોની જગ્યાએ સ્થળ બદલી કરવાની જરૂરીયાત જણાય છે. જેમાં (૧) તરીયાવાડ સતીમાતાના મંદીરની જગ્યાએ બદલી કરી સ્ટેશન રોડ જુના જકાતનાકા પર પે એન્ડ યુઝ ટોઈલેટ બાંધકામ કરવા (૨) ધરમપુર ચોકડી ઓવરબ્રીજની જગ્યા બદલી કરી સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુની સામે ઢોરના દવાખાનાની ઉત્તરે પે એન્ડ યુઝ ટોઈલેટ બાંધકામ, ઉપરોકત બન્ને સ્થળો પર પે એન્ડ ટોઈલેટ બાંધકામ કરવા તથા સદર એજન્સીઝને આપવામાં આવેલ જગ્યાના અભાવે કામગીરી કરી શકેલ નથી. જેથી તેમની મુદતમાં વધુ છ માસનો વધારો કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

..૬..



કામ નં.–૧૬.

વિષયઃ– સને ૨૦૧૫–૧૬ ના વર્ષ માટે ભાડા વસુલાત શાખા મારફતે વસુલાત કરવામાં આવતાં પરચુરણ ઉપજ આવક ( શાકભાજી ઓટલા ફી )પાથરણા વાળા વિગેરેઓની કરાતી વસુલાત ઈજારા પધ્ધતિથી આપવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, સને ૨૦૧૩–૧૪ નાં વર્ષમાં પરચુરણ ઉપજ આવક ( શાકભાજી ઓટલા ફી ) ની વાર્ષિક આવક રૂા. ૨૪,૯૨,૮૨૫–૦૦ જેટલી વસુલાત થયેલ હતી અને સને ૨૦૧૪–૧૫ નાં વર્ષમાં એપ્રીલ–૨૦૧૪ થી ફેબ્રુ–૨૦૧૫ ( ૧૮–૨–૨૦૧૫ સુધી ) રૂા. ૨૪,૩૯,૫૩૫/– જેટલી વસુલ થયેલ છે. જે માર્ચ–૨૦૧૫ સુધીમાં અંદાજીત રૂા.૨૭,૦૦,૦૦૦/– જેટલી શકયતા હોય પરચુરણ ઉપજ આવકની વસુલાત નીચે જણાવેલ બે (૨) વર્ષની દર્શાવેલ છે.

| સને ૨૦૧૩–૧૪ ની વાર્ષિક વસુલાત. | સને ૨૦૧૪–૧૫ ( ફેબ્રુ. ૧૮/૦૨/૧૫ ) સુધીની વસુલાત. |
|---|---|
| રૂા. ૨૪,૯૨,૮૨૫–૦૦<br>૨૦% વધારો. ૪,૯૮,૫૬૫–૦૦ | રૂા. ૨૪,૩૯,૫૩૫–૦૦<br>રૂા. ૨,૪૫,૪૬૫–૦૦ માર્ચ ૨૦૧૫ સુધીઅંદાજીત<br>રૂા. ૨૬,૮૫,૦૦૦–૦૦<br>૨૦% વધારો. રૂા. ૫,૩૭,૦૦૦–૦૦ |
| ૨૯,૯૧,૩૯૦–૦૦ | ૩૨,૨૨,૦૦૦–૦૦ |

ઉપરોક્ત વસુલાત જોતાં સને આગામી વર્ષ ૨૦૧૫–૧૬ માટે ઈજારો આપવા અંગે જરૂરી અપસેટ વેલ્યુ તેમજ શરતો વિગેરે નકકી કરી, દૈનિક પેપરમાં જાહેરાત આપી, ટેન્ડર પ્રથાથી આપવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૧૭.

વિષયઃ– વલસાડ નગરપાલિકાની માલીકીના શોપીંગ સેન્ટરો / માર્કેટોના સ્ટોલો જે ખાલી હોય જેની જાહેર હરાજી કરવા અંગેની અપસેટ વેલ્યુ, શરતો વિગેરે નકકી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવઃ– આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાની માલીકીનાં શોપીંગ સેન્ટરો / માર્કેટોના સ્ટોલો હાલમાં રેકર્ડ દફતરે સ્ટોલ ખાલી છે. જેની વિગત નીચે પ્રમાણે છે.

| અ.નં. | શોપીંગ સેન્ટર / માર્કેટનું નામ. | ભાડા વસુલાત દફતરે ખાલી રહેલ સ્ટોલ નંબર. |
|---|---|---|
| ૧. | સુપર માર્કેટ | ૧, ૬૩ અને ૬૪ |
| ૨. | શ્રી મહાત્મા ગાંધી માર્કેટ પ્રથમ માળ | ૩૭ અને ૪૦ |
| ૩. | ડી.એન.શોપીંગ સેન્ટર ભોંય તળીયે. | ૮૮ અને ૮૯ |
| ૪. | ઈન્દીરા ગાંધી શોપીંગ સેન્ટર પ્રથમ માળ. | ૫,૧૯,૨૦,૨૫,૨૬,૨૭ અને ૩૭ |

ઉપરોક્ત દુકાનો / સ્ટોલ હાલે રેકર્ડ દફતરે ખાલી હોય, જેની અપસેટ વેલ્યુ ,શરતો વિગેરે નકકી કરી, સદર કામ નીતીવિષયક હોઈ, દૈનિક પેપરમાં જાહેરાત આપી, ટેન્ડર પ્રથાથી આપવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૧૮ .

વિષયઃ– વલસાડ નગરપાલિકાના જુદા જુદા ખાતામાં કાયમી કર્મચારી તરીકે ફરજ બજાવતા કર્મચારીઓ નિવૃત થતાં હોય તેઓના નિયમોનુસાર નીકળતી ગ્રેજયુટી, રૂપાંતરીત પેન્શન વિગેરે રકમની ચુકવણી કરવા બાબત..

..૭..



ઠરાવ.ઃ–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા, વલસાડના નીચે જણાવેલ નામોવાળા જુદા જુદા ખાતાઓમાં ફરજ બજાવતાં કાયમી કર્મચારીઓ, વયમર્યાદા / સ્વૈચ્છીક નિવૃત્તીના વિગેરે કારણે નિવૃત્ત થતાં હોય / નિવૃત્ત થયેલ હોય ,તેઓની નિયમોનુસાર નીકળતી ગ્રેજ્યુટી, રૂપાંતરીત પેન્શન વિગેરે ચુકવણી કરવા અંગેની જરૂરી નિયમોનુસાર કાર્યવાહી કરી, નીચે જણાવ્યા મુજબની રકમ ચુકવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ. નં. | કર્મચારીનું નામ. | શાખાનું નામ. | નિવૃત્તી તારીખ | ગ્રેજયુઈટીરૂા. | રૂપાંતરીત પેન્શન | પેન્શન રૂા. |
|---|---|---|---|---|---|---|
| ૧ | તુષાર સુરેશચંદ્ર દેસાઈ | ઓકટ્રોઈ | ૩૧–૫–૨૦૧૫. | ૪૮૯૬૧૪– | ૩૦૬૫૮૦– | ૭૬૩૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૨. | શેખ મ.સલીમ ગુલામબશીર | હોસ્પીટલ | ૩૧–૫–૨૦૧૫. | ૪૭૩૪૬૮– | ૩૦૭૯૮૬– | ૭૬૬૫/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૩. | પટેલ ગમનભાઈ બાબુભાઈ | હોસ્પીટલ | ૩૧–૫–૨૦૧૫. | ૩૬૭૯૬૬– | ૨૦૫૮૯૮– | ૫૨૩૫/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૪. | પટેલ નગીનભાઈ ખાલપભાઈ | આરોગ્ય | ૩૦–૬–૨૦૧૫ | ૩૬૯૯૬૬– | ૨૦૫૮૯૮– | ૫૨૩૫/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૫. | પટેલ રમેશભાઈ ધનજીભાઈ | આરોગ્ય | ૩૦–૬–૨૦૧૫ | ૩૧૩૭૮૦– | ૧૯૯૮૦૨– | ૫૦૮૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |

સ.મ.મંજુર..

<u>કામ નં.–૧૯.</u>

<u>વિષયઃ–</u> સીધાવેરા શાખામાં સને ૨૦૧૫–૨૦૧૬ નાં વર્ષનાં માંગણાબીલો બ્લેક એન્ડ વ્હાઈટ પ્રિન્ટીંગ કરાવવાના કામના આવેલ ભાવો મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, સીધાવેરા શાખામાં સને ૨૦૧૫–૨૦૧૬ નાં વર્ષમાં માંગણાબીલો બ્લેક એન્ડ વ્હાઈટ પ્રિન્ટ નંગ–૧,૦૦,૦૦૦/– તેમજ મલ્ટીકલર રસીદ પ્રીન્ટ નંગ–૫૦,૦૦૦/– પ્રિન્ટીંગની જરૂરીયાત હોવાથી સ્થાનીક બજારમાંથી ભાવો મેળવેલ છે. સદરહું બંધ કવરમાં આવેલ ત્રણ વેપારીના ભાવો ચીફ ઓફીસરશ્રી રૂબરૂ ખુલ્લા કરવામાં આવેલ છે. સદર ખુલ્લા કરવામાં આવેલ ભાવોનું તુલનાત્મક પત્રક નીચે મુજબ છે.

| અ.નં. | વિગત. | ગજાનન ઝેરોક્ષ | હેપ્પી ઝેરોક્ષ | રેનબો પ્રિન્ટસ |
|---|---|---|---|---|
| ૧ | બ્લેક / વ્હાઈટ માંગણાબીલ નંગ–૧,૦૦,૦૦૦/– તેમજ મલ્ટીકલર રસીદ પ્રિન્ટ નંગ, ૫૦,૦૦૦/– | ૧,૯૨,૦૦૦/– | <u>૧,૭૫,૦૦૦/–</u> | ૧,૯૫,૦૦૦/– |

ઉપરોક્ત આવેલ ત્રણ વેપારીનાં ભાવોનું તુલનાત્મક પત્રક જોતાં એકંદરે હેપ્પી ઝેરોક્ષ, વલસાડના ભાવો માંગણાબીલો બ્લેક એન્ડ વ્હાઈટ પ્રિન્ટ નંગ–૧,૦૦,૦૦૦/– તેમજ મલ્ટીકલર રસીદ પ્રિન્ટ નંગ, ૫૦,૦૦૦/– કોપીના ભાવો રૂા. ૧,૭૫,૦૦૦/– પુરાના આવેલ છે. જે આવેલ ભાવો પૈકી સૌથી ઓછા આવેલ છે.જે સૌથી ઓછા આવેલ ભાવો મંજુર કરી, પ્રિન્ટીંગ કરાવવાની કામગીરી કરાવવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૨૦.</u>

<u>વિષયઃ–</u> આર્કીટેક / એન્જીનીયર તરીકે રજીસ્ટ્રેશન કરવા અંગેની જુદા જુદા અરજદારોની આવેલ અરજીઓ અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં નકકી કરવામાં આવ્યું કે, ના. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચીવાલય – ગાંધીનગરના પરીપત્ર નં. પરચ / ૧૦૨૦૦૧ / ૪૫૫, તા.ઃ૨૭–૩–૨૦૦૧ થી આર્કીટેક, એન્જીનીયર, સ્ટ્રકચરલ ડીઝાઈનર, સાઈટ સુપરવાઈઝર, માલીક,વિગેરેના રજીસ્ટ્રેશન કરવાની પ્રથા દાખલ

કરવામાં આવેલ છે. અને સદર પરિપત્ર થી જેતે કેટેગરીમાં રજી. કરવાની લાયકાત નકકી કરવામાં આવેલ છે. જેની નોંધ નગરપાલિકા નગરપાલિકા જ.બો.ઠ.નં. ૩૫ / તા.: ૨૭–૭–૨૦૦૧ થી નોંધ લઈ તેવા રજીસ્ટ્રેશન કરવા, નિયમો, રજીસ્ટ્રેશન ફી તથા રીન્યુઅલ ફી નકકી કરવામાં આવેલ છે. અને ઠરાવનું અમલીકરણ કરવામાં આવેલ છે.

ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં અરજદારો ધ્વારા તેઓનું રજીસ્ટ્રેશન કરવાના કામે નિયત કરવામાં આવેલ અરજી ફોર્મમાં જરૂરી વિગતો દર્શાવી પુરાવાઓ રજુ કરી રજીસ્ટ્રેશન કરવા જણાવેલ છે. અરજદારોની અરજી જોતાં, સદર તેઓની માંગણી પ્રમાણે જરૂરી લાયકાતો ધરાવતા હોઈ, તેઓની માંગણી પ્રમાણે નીચે જણાવેલ કેડરમાં રજીસ્ટ્રેશન કરવાને પાત્ર હોય,ઉપરોકત આવેલ કામ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | નામ.– સરનામું. | રજી.કરવાની કેટેગરી. |
|---|---|---|
| ૧. | નુરઅહમદ અબુબકકર પીરા,<br>૧૦–૧૧,ફર્સ્ટ ફલોર,મોહીદટાવર,વાપી.<br>ખારાવાડા,અવાલા ફળીયા,નાની દમણ. | એન્જીનીયર તરીકે. |
| ૨. | હીરેન એસ. પટેલ,<br>૨૦૩,લેન્ડમાર્ક રેસીડન્સી,તીથલ રોડ,વલસાડ. | એન્જીનીયર તરીકે. |
| ૩. | દર્શન એન. દેસાઈ,<br>એચ.ડી.એફ.સી.બેંક, પાર્લે પોઈન્ટ, સુરત. | આર્કીટેકટ તરીકે. |
| ૪. | જીગીષા દિનેશચંદ્ર મોદી,<br>અલંકાર બીલ્ડીંગ, બેચરરોડ,છીપવાડ,વલસાડ. | આર્કીટેક તરીકે. |
| ૫. | પ્રણવ ગજ્જર,<br>પાલીહીલ–૩,તીથલ રોડ,વલસાડ. | આર્કીટેક / સ્ટ્રકચરલ ડીઝાઈનર તરીકે. |
| ૬. | અવીનાશ વાસુદેવ ખોબ્રાગડે,<br>ગીતાપાર્ક, ફલેટ નં.–૩૦૭,તા.પારડી,ડી.વલસાડ | આર્કીટેક તરીકે. |
| ૭. | મનીષ એચ. દોશી,<br>એફ–૬૧૬,શબરી, એપાર્ટમેન્ટ, મેનેજમેન્ટ એન્કલેવ સામે,<br>વસ્ત્રાપુર, અમદાવાદ. | આર્કીટેક તરીકે. |
| ૮. | રાજન હસમુખભાઈ પટેલ,<br>૧૨/એ,ભૂમિનગર સોસા.ઘાટલોડીયા–અમદાવાદ. | સ્ટ્રકચરલ ડીઝાઈનર તરીકે. |
| ૯. | નેનેષભાઈ ચંદ્રકાંત શાહ,<br>૫૦૨, સાંઈ રેસીડન્સી,હાલર તળાવ, વલસાડ. | એન્જીનીયર તરીકે. |
| ૧૦. | વાઘેલા રવીકાંત ઓધવજીભાઈ,<br>પ્લોટ નં.૧૩૮,જી.આઈ.ડી.સી.કોલોની,ઉમરગામ. | એન્જીનીયર તરીકે. |

સ.મ.મંજુર.

કામ નં.–૨૧.

વિષયઃ– ડ્રીમલેન્ડ ટોકીઝની વોલ થી ભારત ડેરી સુધીની આર.સી.સી. બોક્ષ ડ્રેઈન વરસાદી ગટર બનાવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના હદ વિસ્તારના ડ્રીમલેન્ડ ટોકીઝની વોલ થી ભારત ડેરી સુધીના વિસ્તારમાં આર.સી.સી. બોક્ષ ડ્રેઈન વરસાદી ગટર બનાવવાની જરૂરીયાત હોય, સદરહું વિસ્તાર નીચાણવાળો હોવાથી વરસાદી પાણીનો ભરાવો રહે છે. જેથી સદર કામનું આવેલ એસ્ટી. પાર્ટ–૧ નું રૂા.૧૨૦૨૦૦૦/–, તથા પાર્ટ–૨નું રૂા.૨,૨૫,૫૦૦/–મળી કુલ રૂા.૧૪,૨૭,૫૦૦/– પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

..૯..

<u>કામ નં.–૨૨.</u>

<u>વિષય:–</u> તા.:૧૪–૩–૧૫ ના રોજ ન.પા. કચેરીના નવા બાંધકામ ના ખાતમુર્હત પ્રસંગે ગ્રીન ફલોરીંગ, સાઉન્ડ સીસ્ટમ તથા જરૂરી ફુલકામ સજાવટ કરાવવાના કામનું આવેલ બીલ રૂા.૧૯૮૩૫/– પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, તા.:૧૪–૩–૧૫ ના રોજ ન.પા. કચેરીના સામેના ભાગે આવેલ કોર્મશીયલ પ્લોટમાં શોપીંગ મોલના નવા બાંધકામ ના ખાતમુર્હત પ્રસંગે ગ્રીન ફલોરીંગ, સાઉન્ડ સીસ્ટમ તથા જરૂરી ફુલકામ સજાવટ કામગીરી, રામગીરી ડેકોરેટર્સ, વલસાડ પાસે કરાવેલ . જે અંગેનું આવેલ બીલ રૂા.૧૯૮૩૫/– પુરાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૨૩.</u>

<u>વિષય:–</u> તા.:૧૪–૩–૧૫ ના રોજ ન.પા. કચેરીના સામેના ભાગે આવેલ કોર્મશીયલ પ્લોટમાં શોપીંગ મોલના નવા બાંધકામના ખાતમુર્હત પ્રસંગે ખુરશી / ટેબલ, સોફા,ટીપોઈ, વિગેરે વ્યવસ્થા કરાવેલ જે અંગેનું કામનું આવેલ બીલ રૂા.૧૯૮૧૮/– પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, તા.:૧૪–૩–૧૫ ના રોજ ન.પા. કચેરીના સામેના ભાગે આવેલ કોર્મશીયલ પ્લોટમાં શોપીંગ મોલના નવા બાંધકામ ના ખાતમુર્હત પ્રસંગે ખુરશી / ટેબલ, સોફા, ટ્રીપોઈ, સ્ટ્રેજ બ્રેક ડોપ વિગેરે વ્યવસ્થા, રામગીરી ડેકોરેટર્સ, વલસાડ પાસે કરાવેલ . જે અંગેનું આવેલ બીલ રૂા.૧૯૮૧૮/– પુરાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૨૪.</u>

<u>વિષય:–</u> તા.:૧૪–૩–૧૫ ના રોજ ન.પા. કચેરીના સામેના ભાગે આવેલ કોર્મશીયલ પ્લોટમાં શોપીંગ મોલના નવા બાંધકામના ખાતમુર્હત (પૂજા વિધી ) કાર્યક્રમ અંતર્ગત સ્ટેજની વ્યવસ્થા કરાવેલ જે અંગેનું કામનું આવેલ બીલ રૂા.૨૦,૧૬૦/– પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, તા.:૧૪–૩–૧૫ ના રોજ ન.પા. કચેરીના સામેના ભાગે આવેલ કોર્મશીયલ પ્લોટમાં ખાતમુર્હત (પૂજા વિધી ) ક્રાર્યક્રમ રાખેલ જે ક્રાર્યક્રમ અંતર્ગત સ્ટેજની વ્યવસ્થા રામગીરી ડેકોરેટર્સ, વલસાડ પાસે કરાવેલ . જે અંગેનું આવેલ બીલ રૂા.૨૦,૧૬૦/– પુરાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૨૫.</u>

<u>વિષય:–</u> તા.:૧૪–૩–૧૫ ના રોજ ન.પા. કચેરીના સામેના ભાગે આવેલ કોર્મશીયલ પ્લોટમાં નવા બાંધકામ સંદર્ભે ખાતમુર્હત પ્રસંગે આમંત્રણ તથા ડીસ્પેલ માટે સ્ટેડીયમ રોડ સાઈડ ઉપર તથા પાર્કીગ પ્લોટમાં હોર્ડીગ્સ ફીટીંગ સાથે હોડીંગ્સ બનાવેલ જે અંગેનું કામનું આવેલ બીલ રૂા.૧૫૦૦૦/– પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, તા.:૧૪–૩–૧૫ ના રોજ ન.પા. કચેરીના સામેના ભાગે આવેલ કોર્મશીયલ પ્લોટના નવા બાંધકામ સંદર્ભે ખાતમુર્હત પ્રસંગે આમંત્રણ તથા ડીસપ્લે માટે સ્ટેડીયમ રોડ સાઈડ ઉપર તથા પાર્કીગ પ્લોટમાં હોડીંગ્સ ફીટીંગ સાથે હોડીંગ્સ, રામગીરી ડેકોરેટર્સ, વલસાડ પાસે બનાવડાવેલ. જે અંગેનું આવેલ બીલ રૂા.૧૫૦૦૦/– પુરાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૨૬.</u>

<u>વિષય:–</u> તા.:૧૪–૩–૧૫ ના રોજ ન.પા. કચેરીના સામેના ભાગે આવેલ કોર્મશીયલ પ્લોટમાં નવા શોપીંગ મોલના ખાતમુહુર્ત પ્રસંગે જરૂરી મંડપ, પૂજા મંડપ, ગાદલા, તકતી અનાવરણ, પગથીયા સેટ વિગેરે વ્યવસ્થા અંગેના કામનું આવેલ બીલ રૂા.૧૯૯૬૦/– પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, તા.:૧૪–૩–૧૫ ના રોજ ન.પા. કચેરીના સામેના ભાગે આવેલ કોર્મશીયલ પ્લોટમાં નવા શોપીંગ મોલના ખાતમુર્હત પ્રસંગે જરૂરી મંડપ, પૂજામંડપ, ગાદલા,તકતી અનાવરણ, પગથીયા સેટ વિગેરેની વ્યવસ્થા, રામગીરી ડેકોરેટર્સ, વલસાડ પાસે કરાવેલ. જે અંગેનું આવેલ બીલ રૂા.૧૯૯૬૦/– પુરાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૨૭.

વિષયઃ–સને ૨૦૧૫–૧૬ ના વર્ષ માટે વલસાડ નગરપાલિકાના જુદા જુદા શાખાઓ માટે છાપકામ, સ્ટેશનરી ના આવેલ ભાવો મંજુર કરવા બાબત..

ઠરાવઃ–

સને ૨૦૧૫–૧૬ના વર્ષ માટે વલસાડ નગરપાલિકાના જુદા જુદા શાખાઓ માટે રસીદબુકો, ફોર્મસ, રજીસ્ટરો વિગેરે પ્રેસના કાગળો ઉપર છાપકામ રૂલીંગ,નંબરીંગ,બાઈન્ડીંગ વિગેરે નમુના મુજબ તેમજ ઝેરોક્ષ નકલ કાઢવાના કામે, તેમજ સ્ટેશનરી ખરીદી કરવાના કામે, દૈનિક પેપરમા ટેન્ડર નોટીશ, માહીતી નિયામકશ્રી, વલસાડ કચેરી મારફતે પ્રસિધ્ધી કરાવી તા.:૮–૪–૨૦૧૫ સુધીમા રજી.પો.એ.ડી.થી ટેન્ડરો મંગાવવામા આવતા ,મુદત દરમ્યાન છાપકામના –૩(ત્રણ) અને સ્ટેશનરીના –૩( ત્રણ) એમ કુલ–૬(છ) એજન્સીઓના ટેન્ડરો અત્રેની કચેરીએ મળેલ છે જે નીચે પ્રમાણે છે.

છાપકામના ટેન્ડરો.

..................

અ.નં. એજન્સીનું નામ. / સરનામું.

(૧) શિવમ પ્રિન્ટર્સ – ખડકીભાગડા ,વલસાડ.

(૨) જય જલારામ પ્રિન્ટર્સ – હાલર,નનકવાડા રોડ, વલસાડ.

(૩) હેપી ઝેરોક્ષ – ડી.એન.શો.સે.વલસાડ.

સ્ટેશનરીના ટેન્ડરો.

..................

(૧) નવદુર્ગા સ્ટેશનર્સ – સુરત.

(૨) બીના સ્ટેશનરી માર્ટ – નવસારી.

(૩) અતુલ વસ્તુ ભંડાર – નવસારી.

ઉપરોક્ત આવેલ ૬(છ) ટેન્ડરો તા.:૧૬–૪–૧૫ના રોજ ચીફ ઓફીસરશ્રી તેમજ ચેરમેનશ્રી કારોબારી સમીતી સમક્ષ ખુલ્લા કરવામા આવેલ છે જેનુ તુલનાત્મક પત્રક બનાવી રજુ કરેલ છે.

ઉપરોક્ત આવેલ ૬(છ) ટેન્ડરોનુ તુલનાત્મક પત્રક જોતાં, સદર તુલનાત્મક પત્રકમા લાલ કલરથી અંદર લાઈન કરેલ ભાવો સૌથી ઓછા છે.સદર ઓછા ભાવો મંજુર કરવાનુ તથા મંજુર થયેલ ભાવે છાપકામ વિગેરેનુ કામ તથા સ્ટેશનરી વિગેરેની ખરીદી કરવાના કામનો કોન્ટ્રાકટ જ`તે સૌથી ઓછા ભાવોવાળા એજન્સીઓને આપવાનુ તથા ટેન્ડરોમા જણાવેલ આઈટમ મુજબના ભાવો માન્ય કરવાનુ તથા ટેન્ડરરો સાથે જરૂરી કરારખત ચીફ ઓફીસરશ્રીના રૂબરૂ કરાવી લેવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

–મે. ચેરમેનશ્રીની અનુમતીથી રજુ થતાં બીજા વધારાનાં કામો..

---

વ. કા. નં.–૧.

વિષયઃ– ના. સરકારશ્રીની નવીન નગર સેવા સદન બનાવવાનાં કામનાં આવેલ ટેન્ડરો અંગે નિર્ણય થવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના. સરકારશ્રીની નવીન નગર સેવા સદન બાંધકામ કરવાની મળેલ ગ્રાંટની કામગીરી કરાવવા માટે નાયબ માહીતી ખાતા મારફતે દૈનીકપેપરમાં જાહેરાત આપી ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવતાં મુદત દરમ્યાન કુલ પાંચ ટેન્ડરો આવેલા છે. સદર આવેલ ટેન્ડરો તા.: ૨૦–૩–૧૫ નાં રોજ ખુલ્લા કરવામાં આવેલા છે. સદર ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડરોનું તુલનાત્મક પત્રક જોતાં એકંદરે રાધિકા કન્સ્ટ્રકશન–

વડોદરાનું ટેન્ડર, ટેન્ડર એસ્ટીમેઈટેડ કોસ્ટ કરતાં ૨૦.૦૭% નીચા ભાવથી સૌથી ઓછા આવેલ છે. જેથી સદર ઓછા આવેલ ભાવો મંજુર કરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે. તેમજ સદર કામે મેળવેલ તાંત્રિક મંજુરીમાં જણાવ્યા મુજબ સ્ટ્રકચર ડિઝાઈન પ્રમાણેની કામગીરી કરવાની રહેશે.

સ.મ.મંજુર..

<u>વ. કા. નં.–૨.</u>

<u>વિષયઃ–</u> વો.વ.ક.ઠ. નં.૨૩૩ / તા.:૨૪/૦૩/૨૦૧૫ ની ભલામણ મુજબ લક્ષ્મી વિહાર થી નાના તાઈવાડ મસ્જીદ સુધી ૪૦૦ એમ.એમ. પીવાના પાણીની પાઈપ લાઈન સ્થળ સ્થિતીને અનુરૂપ કામગીરી કરતા થયેલ વધારાની કામગીરીને બહાલી આપી તે અંગેનો ખર્ચ રૂા.૧૨,૭૯,૦૪૦/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવઃ–</u>

વો.વ.ક.ઠ. નં.૨૩૩ / તા.:૨૪/૦૩/૨૦૧૫ ની ભલામણ મુજબ વ.ન.પા. તરફથી જ.બો.ઠ.નં.–૪૯ તા.:૩૧–૦૭–૨૦૧૨ થી લક્ષ્મી વિહાર થી નાના તાઈવાડ મસ્જીદ સુધી ૪૦૦ એમ.એમ. ડાયા પીવાના પાણીની પાઈપ લાઈન નાંખવાનો એસ્ટીમેઈટ રૂા.૪૨,૭૭,૭૭૫/– પુરાનો મંજુર કરેલ છે. સદરહું કામગીરીનો વર્ક ઓર્ડર તા.:૨૪–૯–૧૨ થી મે. રાજપરા બ્રધર્સ, વાપીને આપેલ છે. જેમણે કામગીરી ડીસેમ્બર ૨૦૧૩ માં શરૂ કરેલ છે. પાઈપની ડીલવરી ન મળવાને કારણે તથા વિધાનસભાની ચૂંટણીનું જાહેરનામુ બહાર પડતા આચારસંહીતાને કારણે કામગીરી શરૂ થઈ શકેલ ન હતી. સદરહું કામગીરી શરૂ કરતા વલસાડ નગરપાલિકાની પીવાના પાણીની લાઈન, ડ્રેનેજ લાઈન વિગેરે તથા હાઉસ હોલ્ડ કનેકશન તેમજ ગેસની પાઈપ લાઈન અને કેબલ લાઈનને કારણે સ્થળ સ્થિતીને અનુરૂપ જરૂરી એમ.એસ.ના ફીટીંગ્સ જેવા કે બેન્ડ, ટી, સી.આ.ડી. જોઈન્ટસ વિગેરે બનાવીને ફીટ કરાવેલ છે. તથા ૧૦" ઈંચ ડાયાના વાલ્વો નંગ–૨(બે) તથા ૬" ઈંચ ડાયાના વાલ્વ નંગ–૧ (એક) ઠેકેદારશ્રીએ સપ્લાય કરીને ફીટ કરેલ છે. મુળ મંજુર થયેલ એસ્ટીમેઈટમાં લેબર કામ તથા સ્પેશીયલ્સ અને વાલ્વનો કુલ ખર્ચ રૂા. ૧૪,૩૬,૬૧૫ /– નો દર્શાવેલ હતો. અને વધારાના બે બીલ જે ઠેકેદાર તરફથી રજુ થયેલ છે. જેનો કુલ ખર્ચ રૂા.૧૨,૭૯,૦૪૦/– જે દર્શાવેલ ખર્ચની મર્યાદામાં હોય, ઉપરોકત તથા વધારાની કામગીરીને બહાલી આપવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ. કા. નં.–૩.</u>

<u>વિષયઃ–</u> વો.વ.ક.ઠ. નં.૨૩૪ / તા.:૨૪/૦૩/૨૦૧૫ ની ભલામણ મુજબ દક્ષિણ અબ્રામા પીવાના પાણીનો પુરવઠો પુરો પાડવા અંગે તડકેશ્વર મંદીર પાસેથી રાજનનગર પાણીની લાઈન ઓવર બ્રીજ ઉપરથી ૮" ડાયાની લાઈન રસ્તો ક્રોસ કરી લઈ જવા માટે એમ.એસ. પાઈપ ખરીદવા અને નાંખવા અંગેનો ખર્ચ રૂા.૪,૭૩,૦૪૦/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવઃ–</u>

વો.વ.ક.ઠ. નં.૨૩૪ / તા.:૨૪/૦૩/૨૦૧૫ ની ભલામણ મુજબ ,દક્ષિણ અબ્રામાં પીવાના પાણીનો પુરવઠો પુરો પાડવા અંગે ડ્રીસ્ટીબ્યુશન પાઈપ લાઈન નાંખવાની કામગીરી હાલે ચાલુ છે. જેમાં તડકેશ્વર મંદીર પાસે થી રાજન નગર પાણીની લાઈન લઈ જવા માટે ઓવર બ્રીજનો સ્લોપ આવે છે. જે જગ્યા પર હયાત ડામરની સપાતીને લાગુ વધારે ખુલ્લી જગ્યા મળતી નથી. જેથી ખોદાણ કરીને લાઈન નાંખી શકાય એમ નથી જેથી ક્રોક્રીંટનાં બ્લોક બનાવી તેના પર એમ.એસ.ની ૮" ડાયાની પાઈપલાઈન વેલ્ડીંગ કરી રોડને લાગુ ઓપન નાખી શકાય એમ છે. એમ.એસ.પાઈપનાં સને ૨૦૧૩–૧૪ નાં એસ.ઓ.આર. નાં રેટ રૂા.૧૭૫૯/– પ્રતિ રનીંગ મીટરના છે. તથા લેબર કામનાં પ્રતિ રનીંગ મીટરનાં રૂા.૨૧૨/– છે. જેથી કુલ ૨૪૦ રનીંગ મીટરનાં કુલ રૂા. ૪,૭૩,૦૪૦/– નો ખર્ચ થાય છે. રાજન નગરનાં વિસ્તારમાં પાણીનો પુરવઠો પુરો પાડવા માટે સદર કામગીરી કરાવવી અત્યંત આવશ્યક અને જરૂરી હોય, જે અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૪,૭૩,૦૪૦/– મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ. કા. નં.–૪.</u>

<u>વિષયઃ–</u> વો.વ.ક.ઠ. નં.૨૩૯ / તા.:૨૪/૦૩/૨૦૧૫ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાનાં વારીગૃહ શાખાનાં કાયમી કર્મચારીઓ ધ્વારા ઓવર ટાઈમની માંગણી કરતી આવેલ અરજી બાબત..

ઠરાવઃ–

વો.વ.ક.ઠ. નં.૨૩૯ / તા.:૨૪/૦૩/૨૦૧૫ ની ભલામણ મુજબ ,વલસાડ નગરપાલિકાના હંગામી કર્મચારીઓ તા.:૨૪–૧૨–૨૦૧૪ થી તા.: ૧૫–૧–૨૦૧૫ સુધી –૨૩ (ત્રેવીસ ) સુધી હડતાલ પર ગયેલ, સદર તમામ દિવસો દરમ્યાન વારીગૃહ શાખાના ૨૦ કાયમી કર્મચારીઓએ ચીફઓફીસરશ્રીના હુકમ મુજબ સતત –૨૩ દિવસ સુધી વીકલી ઓફ ભોગવ્યા વગર દરરોજ ૧૨ કલાકની ડયુટી કરેલ, ચીફ ઓફીસરશ્રી અને પ્રમુખશ્રીની મૌખીક બાંહેધરી મુજબ તેઓએ માંગેલ સદર વધારાના કલાકોનું ઉચ્ચક મહેનતાણા પેટે આપવાની થતી રકમ માટે એગ્રી થયેલ હોય, સદર કામગીરીનાં ઓવર ટાઈમની રકમ આપવા માટે મ્યુનિસીપલ અધિનિયમમાં જોગવાઈ ન હોવાથી ઉચ્ચક મહેનતાણું નકકી કરી , જરૂરી કાર્યવાહી કરી, ચુકવણું કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ. કા. નં.–૫.

વિષયઃ– વો.વ.ક.ઠ. નં.૨૪૨ / તા.:૨૪/૦૩/૨૦૧૫ ની ભલામણ મુજબ વારીગૃહ શહેર, જુની આર.ટી.ઓ.ની પાછળ ૩૧૦ મીટર લાંબી ૬" ડાયાની પાણીની લાઈન અપગ્રેડ કરી ૧૦" ડાયાની લાઈન કરવા અંગેનો એસ્ટીમેઈટ રૂા.૭,૬૦,૩૦૦/– મંજુર કરવા બાબત..

ઠરાવઃ–

વો.વ.ક.ઠ. નં.૨૪૨ / તા.:૨૪/૦૩/૨૦૧૫ ની ભલામણ મુજબ, વારીગૃહ શહેર ખાતે નગરપાલિકાનાં હદ વિસ્તારમાં તીથલ રોડ પાસે આવેલ જુની આર.ટી.ઓ.ની પાછળનાં વિસ્તારમાં હાલે ૬" ડાયાની પાણીની પીવાની લાઈનથી પાણી સપ્લાય કરવામાં આવે છે. હાલે ત્યાં ઘણા હાઈરાઈઝ બિલ્ડીંગો આવેલ છે તેમજ નવી હાઈ રાઈઝો પ્રગતિમાં છે. સદર પરીસ્થિતી પ્રમાણે ત્યાંની વસ્તીને અનુરૂપ પાણી પુરવઠો પુરતા પ્રેશરે મળતો નથી. જેથી સર્વે કરતા નિવારણ માટે ૩૧૦ મીટર લાંબી ૬" ડાયાની લાઈન ને અપગ્રેડ કરી ૧૦" ડાયા કરી જુના કનેકશન ટ્રાન્સફર કરવા સદર કામગીરી કરવા માટેનો એસ્ટીમેઈટ ખર્ચ રૂા.૭,૬૦,૩૦૦/– પુરા, આવનારી ગ્રાન્ટનાં હેડમાં સમાવેશ કરી કામગીરી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ. કા. નં.–૬.

વિષયઃ– વો.વ.ક.ઠ. નં.૨૨૫ / તા.:૨૪/૦૩/૨૦૧૫ ની ભલામણ મુજબ, યુ.આઈ.ડી.એસ.એસ. એમ.ટી. યોજના હેઠળ અબ્રામા – મોગરાવાડી મુકામે અંડર–ગ્રાઉન્ડ સંપ બનાવવાના કામે ટાઈમ લીમીટ વધારવા માટે આવેલ અરજી અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવઃ–

વો.વ.ક.ઠ. નં.૨૨૫ / તા.:૨૪/૦૩/૨૦૧૫ ની ભલામણ મુજબ, યુ.આઈ.ડી.એસ.એમ.ટી યોજના હેઠળ અબ્રામા નોર્થ ઝોન માટે પીવાના પાણીનો ( ૧૦ લાખ લીટર) ક્ષમતાનો અંડર ગ્રાઉન્ડ સંપ બનાવવાનું કામ કા.સ.ઠ.નં.૪૫૪ / તા.: ૨૭–૦૮–૨૦૦૯ થી રન્નાદે કન્સ્ટ્રકશન કું.– વલસાડનું ટેન્ડર મંજુર કરવામાં આવેલ. તે મુજબ સદર કોન્ટ્રાકટરે તા.:૨૫/૦૯/૨૦૦૯ ના રોજ કરારખત કર્યેથી તેમને વો.વ.જા.નં.૨૫૨/ તા.:૧૨–૧૦–૨૦૦૯ થી સદર કામગીરી કરવા અંગેનો વર્ક ઓર્ડર આપવામાં આવેલ.સદર કામની સમય મર્યાદા ૬ માસની હોય સદર કોન્ટ્રાકટરની આવેલ અરજીમાં જણાવ્યા મુજબ એઓને વર્ક ઓર્ડર મળ્યેથી એઓએ સદર કામ ચાલુ કરેલ. અને કામગીરી ચાલુ દરમ્યાન સંમ્પના ડોમનો સ્લેબ ભરતા ભરતા સેન્ટીંગનાં ટેકા ખસી જતાં સ્લેબ સંમ્પની અંદરની સાઈડે પડી જતા એઓએ બધુ ખોલીને ફરીવાર ડોમનું સેન્ટીંગ તૈયાર કરીને સ્લેબ ભરવાની જરૂરીયાત ઉભી થતાં સદર કામગીરી કરવામાં ઘણો સમય વેડફાઈ ગયેલ હોવાથી સદર કામગીરી પૂર્ણ કરવામાં વિલંબ થયેલ છે. જેથી સદર કોન્ટ્રાકટર તરફથી સદર કામગીરી કરવાના સમયમાં ૬ માસની સમય મર્યાદા વધારી આપવાની માંગણી મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ. કા. નં.–૭.

વિષયઃ– વો.વ.ક.ઠ. નં.૨૩૭ / તા.:૨૪/૦૩/૨૦૧૫ ની ભલામણ મુજબ, વારીગૃહ હેડવર્કસ ખાતે આવેલ ૩ (ત્રણ) નંગ " વોટર ફલો મીટર " ના કેલીબ્રેશનની કામગીરી કરાવવા બાબત..

ઠરાવઃ–

વો.વ.ક.ઠ. નં.૨૩૭ / તા.:૨૪/૦૩/૨૦૧૫ ની ભલામણ મુજબ, વારીગૃહ હેડવર્કસ ખાતે ઔરંગા નદીમાંથી પાણી પુરવઠો ઉપાડવામાં આવે છે. સદર પાણીના જથ્થાની માત્રા માપવા માટે ૩ (ત્રણ) નંગ " વોટર ફ્લો મીટર " લગાવવામાં આવ્યા છે. અને રેગ્યુલર મીટરના આકડા નોંધી એ મુજબ નહેર ખાતાને નાણાં ચુકવવામાં આવે છે. નહેરખાતા તરફથી જણાવ્યા મુજબ સદર મીટરનું " કેલીબ્રેશન " દર વર્ષે કરાવવું ફરજીયાત છે. જેથી સ્થાનીક બજારમાં તપાસ કરતા એક ખાનગી એજન્સી " એકયુરેટ લેબ, વાપી " કેલીબ્રેશનનું કામ કરે છે. ત્યારબાદ કેલીબ્રેશનના મળેલ રીપોર્ટને સરકારી ખાતુ " તોલ–માપ કચેરી, વલસાડ " મારફતે સહી સિકકા કરાવવાના રહે છે. સદર સહીસિકકાવાળો રીપોર્ટ નહેર ખાતે રજુ કરવાનો રહે છે. સદર એજન્સીનું આવેલ વહીવટી આ.નં.૯૨૫૭ / તા.:૨૦–૩–૨૦૧૫ કોટેશન મુજબ, રૂા.૧૦,૫૦૦/– + સર્વિસ ટેક્ષ + તોલમાપ કચેરી ધ્વારા લેવામાં આવતી ફી, આમ સદર કામગીરી અંગે થનાર કુલ ખર્ચ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ. કા. નં.–૮.

વિષયઃ– વો.વ.ક.ઠ. નં.૨૩૮ / તા.:૨૪/૦૩/૨૦૧૫ ની ભલામણ મુજબ, યુ.આઈ.ડી.એસ.એસ. એમ.ટી. યોજના હેઠળ અબ્રામા નોર્થ વિસ્તારમાં પીવાનાં પાણીની પાઈપ લાઈન નાંખવાના કામ બાબતે સમય મર્યાદા વધારવા ઠેકેદારશ્રી બી.બી.પટેલની આવેલ અરજી બાબત..

ઠરાવઃ–

વો.વ.ક.ઠ. નં.૨૩૮ / તા.:૨૪/૦૩/૨૦૧૫ ની ભલામણ મુજબ, યુ.આઈ.ડી.એસ.એમ.ટી યોજના હેઠળ અબ્રામા નોર્થ વિસ્તારમાં એચ.ડી.પી.ઈ.અને ડી.આઈ. પાઈપલાઈન નાંખવાનું કામ શ્રી બી.બી.પટેલ –ઘડોઈ, વલસાડનું ટેન્ડર મંજુર થયેલ છે. જે અંગેનાં ભાવ કા.સ.ઠ.નં.૪૫૨ / તા.: ૨૭–૦૮–૨૦૦૯ થી મંજુર થયા મુજબ તેમને વર્ક ઓર્ડર વો.વ.જા.નં. ૨૪૨/ તા.:૬–૧૦–૨૦૦૯ થી આપવામાં આવેલ.સદર ઠેકેદાર સદર કામગીરી ચાલુ કરી પૂર્ણ કરેલ છે. સદર ઠેકેદારની તા.: ૨૦–૩–૨૦૧૫ નાં રોજની આવેલ અરજીમાં જણાવ્યા મુજબ તેમણે તા.:૬–૧૦–૨૦૦૯ થી તા.: ૩૧–૩–૨૦૧૧ સુધીની સમય મર્યાદામાં વધારો કરવા જણાવવામાં આવેલ છે. ઉપરોક્ત કામગીરી દરમ્યાન ચોમાસુ ચાલુ હોય જેથી કામગીરી કરવામાં વિલંબ થયેલ છે તથા સદર કામગીરી અંગે જરૂરી માલસામાન નગરપાલિકા એ પુરો પાડવાનો હોય સદર માલ સામાન પુરો પાડવામાં વલસાડ નગરપાલિકા તરફથી વિલંબ પડેલ હોવાથી સમયસર કામગીરી શરૂ થઈ શકેલ ન હોય.જેથી સદર કોન્ટ્રાકટર તરફથી સદર કામગીરી કરવાના સમયમાં ૬ માસની સમય મર્યાદા વધારી આપવાની માંગણી મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ. કા. નં.–૯.

વિષયઃ– વો.વ.ક.ઠ. નં.૨૪૩ / તા.:૨૧/૦૪/૨૦૧૫ ની ભલામણ મુજબ,વલસાડ નગરપાલિકાનાં હંગામી કર્મચારીઓ તા.:૨૪/૧૨/૨૦૧૪ થી તા.:૧૫/૦૧/૨૦૧૫ સુધી હડતાલ પર ગયેલ તે દરમ્યાન શહેરમાં પાણી પુરવઠો નીયમીત રાખવા સદર કર્મચારીઓ ૧૨ કલાક સુધી કામ કરેલ તે દરમ્યાન તેઓને ખાવાની જોગવાઈ પુરોહીત હોટલમાં કરવામાં આવેલ જે અંગેનું બીલ રૂા.૧૫,૬૧૦/–પુરા ચુકવણું કરવા બાબત..

ઠરાવઃ–

વો.વ.ક.ઠ. નં.૨૪૩ / તા.:૨૧/૦૪/૨૦૧૫ ની ભલામણ મુજબ,વલસાડ નગરપાલિકાનાં હંગામી કર્મચારીઓ તા.:૨૪/૧૨/૨૦૧૪ થી તા.:૧૫/૦૧/૨૦૧૫ સુધી હડતાલ પર ગયેલ , જેથી શહેરમાં પાણીનો સપ્લાય અનિયમીત ન થાય અને રાબેતા મુજબ પાણીનો પુરવઠો મળે તે માટે ગુજરાત પાણી પુરવઠાના, પારડી નગરપાલિકાના, પોલીસ સ્ટાફ અને નગરપાલિકાના કાયમી કર્મચારીઓ એ ફરજ બજાવેલ સદર કર્મચારીઓ વારીગૃહ હેડ વર્કસ, અબ્રામા, વારીગૃહ વાલીયા, અબ્રામા અને કલ્યાણ બાગ પાણીની ટાંકી ખાતે અંદાજીત ૧૨ કલાકથી વધુ સમય માટે દૈનીક ફરજ બજાવેલ , તેઓની ખાવાની વ્યવસ્થા વર્દીમલ પુરાજી પુરોહીત ડાયનીંગ હોલ, સ્ટેશન રોડ, વલસાડ ખાતે કરવામાં આવેલ. જે મુજબ સદરદિવસો દરમ્યાન તેઓનું આવેલ બીલ મુજબ ૨૨૩ થાળી વપરાયેલ છે. એક થાળીના ૭૦/– રૂા. પ્રમાણે આવક નંબર ૮૦૦૨ તા.:૧૭–૧–૨૦૧૫ થી કુલ રૂા.૧૫,૬૧૦/– પુરાનું બીલ આવેલ છે. જેને બહાલી આપી ચુકવણું કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ. કા. નં.–૧૦.</u>

<u>વિષયઃ–</u> વો.વ.ક.ઠ. નં.૨૪૪ / તા.:૨૧/૦૪/૨૦૧૫ ની ભલામણ મુજબ,૧૨ માં નાણા પંચની યોજના હેઠળ અબ્રામાં સાઉથ વિસ્તારમાં એચ.ડી.પી.ઈ. અને ડી.આઈ. પાઈપ લાઈન નાંખવાનું કામ બાબતે સમય મર્યાદામાં વધારો કરવાની શ્રી બી.બી. પટેલ–ધડોઈ, વલસાડની તા.:૧૬–૬–૨૦૧૪ તથા તા.: ૧૯–૧૨–૨૦૧૪ નાં રોજની આવેલ અરજી બાબત..

<u>ઠરાવઃ–</u>

વો.વ.ક.ઠ. નં.૨૪૪ / તા.:૨૧/૦૪/૨૦૧૫ ની ભલામણ મુજબ, ૧૨ માં નાણા પંચની યોજના હેઠળ અબ્રામાં સાઉથ વિસ્તારમાં એચ.ડી.પી.ઈ. અને ડી.આઈ. પાઈપ લાઈન નાંખવાનું કામ શ્રી બી.બી. પટેલ–ધડોઈ, વલસાડનું ટેન્ડર મંજુર થયેલ છે. જે અંગેનાં ભાવ ,વો.વ.ક.ઠ.નં. ૨૬૦ / તા.: ૦૯–૧૨–૨૦૧૩ થી મંજુર થયા મુજબ તેમને વર્ક ઓર્ડર વો.વ.જા.નં. ૨૭૫/ તા.:૨૫–૨–૨૦૧૪ થી આપવામાં આવેલ.સદર ઠેકેદાર સદર કામગીરી ૯૩% પ્રગતિમાં છે. સદર ઠેકેદારની તા.: ૧૬–૬–૨૦૧૪ તથા તા.:૧૯–૧૨–૨૦૧૪ નાંરોજની આવેલ અરજીમાં જણાવ્યા મુજબના કારણોસર સમય મર્યાદામાં વધારો કરવા જણાવવામાં આવેલ છે. ઉપરોકત કામગીરી દરમ્યાન ચોમાસુ ચાલુ હોય જેથી કામગીરી કરવામાં વિલંબ થયેલ છે તથા સદર કામગીરી અંગે જરૂરી માલસામાન નગરપાલિકા એ પુરો પાડવાનો હોય સદર માલ સામાન પુરો પાડવામાં વલસાડ નગરપાલિકા તરફથી વિલંબ પડેલ હોવાથી સમયસર કામગીરી શરૂ થઈ શકેલ ન હોય.જેથી સદર ઠેકેદારના જણાવ્યા મુજબ સમય મર્યાદા તા.: ૧૫–૦૫–૨૦૧૫ સુધી વધારી આપવાની માંગણી મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ. કા. નં.–૧૧.</u>

<u>વિષયઃ–</u> વો.વ.ક.ઠ. નં.૨૪૫ / તા.:૨૧/૦૪/૨૦૧૫ ની ભલામણ મુજબ,૧૨ માં નાણા પંચની યોજના હેઠળ અબ્રામાં સાઉથ વિસ્તાર માટે ઓવર હેડ ટાંકી, સંપ તેમજ પંપ હાઉસ બનાવવાનું કામ બાબતે સમય મર્યાદામાં વધારો કરવાની શ્રી બી.બી.પટેલ–ધડોઈ, વલસાડની તા.: ૧૯–૧૨–૨૦૧૪ નાં રોજની આવેલ અરજી બાબત..

<u>ઠરાવઃ–</u>

વો.વ.ક.ઠ. નં.૨૪૫ / તા.:૨૧/૦૪/૨૦૧૫ ની ભલામણ મુજબ, ૧૨ માં નાણા પંચની યોજના હેઠળ અબ્રામાં સાઉથ વિસ્તાર માટે ઓવર હેડ ટાંકી, સંપ તેમજ પંપ હાઉસ બનાવવાનું કામ શ્રી બી.બી. પટેલ–ધડોઈ, વલસાડનું ટેન્ડર મંજુર થયેલ છે. જે અંગેનાં ભાવ ,વો.વ.ક.ઠ.નં. ૨૬૧ / તા.: ૦૯–૧૨–૨૦૧૩ થી મંજુર થયા મુજબ તેમને વર્ક ઓર્ડર વો.વ.જા.નં. ૨૭૬/ તા.:૨૫–૨–૨૦૧૪ થી આપવામાં આવેલ. સદર ઠેકેદાર સદર કામગીરી ૯૮% પ્રગતિમાં છે. સદર ઠેકેદારની તા.:૧૯–૧૨–૨૦૧૪ નાંરોજની આવેલ અરજીમાં જણાવ્યા મુજબના કારણોસર સમય મર્યાદામાં વધારો કરવા જણાવવામાં આવેલ છે. ઉપરોકત કામગીરી દરમ્યાન ચોમાસુ ચાલુ હોય જેથી કામગીરી કરવામાં વિલંબ થયેલ છે તથા સદર કામગીરી માટે માફક જગ્યા વલસાડ નગરપાલિકા તરફથી નકકી કરવામાં વિલંબ પડેલ હોવાથી સમયસર કામગીરી શરૂ થઈ શકેલ ન હોય જેથી સદર ઠેકેદારના જણાવ્યા મુજબ સમય મર્યાદા તા.:૩૦–૦૪–૨૦૧૫ સુધી વધારી આપવાની માંગણી મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ. કા. નં.–૧૨.</u>

<u>વિષયઃ–</u>વ.ન.પા. ધ્વારા કલ્યાણ બાગ સામે નવું બનાવવામાં આવેલ ફાયર સ્ટેશનમાં ડ્રેનેજ લાઈન નાંખવા અંગેની કામગીરી કરવાનો એસ્ટીમેઈટ ખર્ચ રૂા. ૫૬,૪૩૬/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા ધ્વારા કલ્યાણ બાગ સામે નવું બનાવવામાં આવેલ ફાયર સ્ટેશનમાં ડ્રેનેજ લાઈન નાખવાની જરૂર જણાયેલ છે. સદર જગ્યા એ ડ્રેનેજ કનેકશન ન હોવાથી ફાયર ડીપાર્ટમેન્ટના કર્મચારીઓને ઘણી તકલીફ પડે છે. સદર કામનાં નીવારણ માટે ડ્રેનેજ લાઈન નાખી શૌચાલય ચાલુ કરી શકાય. સદર કામગીરી કરવાનો એસ્ટીમેઈટ ખર્ચ રૂા૫૬,૪૩૬/– પુરા મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

..૧૫..

વ. કા. નં.–૧૩.

વિષયઃ– મુલ્લાવાડીની ગલીમાં સ્લમ વિસ્તારમાં ડ્રેનેજ લાઈન નાંખવા અંગેની કામગીરી કરવાનો એસ્ટીમેઈટ ખર્ચ રૂા. ૧,૪૧,૦૮૯/– મંજુર કરવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મુલ્લાવાડીની ગલીમાં સ્લમ વિસ્તાર આવેલ છે. સદર જગ્યામાં ડ્રેનેજ લાઈન નથી અને હાલે વ્યકિત દીઠ શૌચાલય બનાવવામાં આવેલ છે. સદર જગ્યા નીચાણવાળી હોવાથી લેવલ મળે એમ નથી તેથી ત્યાં એક શોકપીટ બનાવવું અને તેમાં કનેકશન જોડવું અને જેટલાં કનેકશન માટે લેવલ મળી રહે છે. એને ચેમ્બર મારફતે ડ્રેનેજ નેટવર્કમાં જોડવું. સદર કામગીરી કરવાનો એસ્ટીમેઈટ ખર્ચ રૂા.૧,૪૧,૦૮૯/–મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ. કા. નં.–૧૪.

વિષયઃ–એડવોકેટશ્રી એચ.એલ. પટેલ,નું રીટ પીટીશન નં.૧૬/૨૦૧૨ અન્વયેનું આવેલ બીલ રૂા.૧૦,૦૦૦/– મંજુર કરવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના.ગુ.હાઈકોર્ટ–અમદાવાદ ખાતે પીટીશનરશ્રી સંજય સજ્જનલાલ શાહ રહે.ઃ વલસાડનાએ રીટ પીટીશન નં. ૧૬ / ૨૦૧૨ દાખલ કરેલ. જેનો હુકમ તા.ઃ૧/૪/૨૦૧૫ નાં રોજ કરવામાં આવેલ છે. સદરહું બાબતે એડવોકેટ શ્રી એચ.એલ. પટેલની એડવોકેટ ફી નું આવેલ બીલ રૂા.૧૦,૦૦૦/– પુરાનું ચુકવવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ. કા. નં.–૧૫.

વિષયઃ– એડવોકેટશ્રી રૂત્વીજ એમ. ભટ્ટ સ્પે.સી.એ.નં.૮૬૪૫/૨૦૧૨ અન્વયેનું આવેલ બીલ રૂા.૧૦,૦૦૦/– મંજુર કરવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના.ગુ.હાઈકોર્ટ–અમદાવાદ ખાતે પીટીશનરશ્રી મે. નાઈટેક્ષ કેમીકલ ઈન્ડીયા લી. અબ્રામાએ સ્પે. સી.એ.નં. ૮૬૪૫ / ૨૦૧૨ દાખલ કરેલ જેનો હુકમ તા.ઃ૨૦/૨/૨૦૧૫ નાં રોજ કરવામાં આવેલ છે. સદરહું પીટીશનના કામે એડવોકેટ શ્રી ઋત્વીજ એમ.ભટ્ટ રહે.ઃ અમદાવાદનું એડવોકેટ ફી નું આવેલ બીલ રૂા.૧૦,૦૦૦/– પુરાનું ચુકવવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ. કા. નં.–૧૬.

વિષયઃ–વલસાડ નગરપાલિકાના પ.વ.ડી. શાખાના શ્રી મહેશ બુધાભાઈ માંગ વિગેરે,હંગામી કામદારોએ વલસાડના મે.મજુર અદાલતની કોર્ટમાં,ઔધોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ હેઠળ પુર્નસ્થાપિત કરવા અંગેરેફરન્સ દાખલ કરેલ જે અન્વયે બેકવેજીસ પેટે રૂા.૧૫૦૦૦/–તેમજ રેફરન્સ ખર્ચના રૂા.૫૦૦૦/– મળી ,એક કામદારને રૂા.૨૦૦૦૦/– લેખે ૧૧ –કામદારોને રૂા.૨,૨૦,૦૦૦/– ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના પ.વ.ડી.શાખાના નીચે દર્શાવેલ હંગામી કામદારોએ વલસાડના મે. મજુર અદાલતની કોર્ટમાં, ઔધોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ હેઠળ પુર્નસ્થાપિત કરવા અંગે રેફરન્સ દાખલ કરેલ. જેનો તા.ઃ૩૦/૧૨/૨૦૧૪ ના રોજ હુકમ કરવામાં આવેલ છે. જે અત્રેની કચેરીએ આવક નંબર.ઃ ૫૦ થી ૬૦ / તા.ઃ ૮–૪–૨૦૧૫ તેમજ આવક નંબર.ઃ ૧૦૦ થી ૧૧૨ / તા.ઃ૧૩–૪–૨૦૧૫ ના રોજ પત્ર આવેલ છે.

..૧૬..

| અ.નં. | રેફરન્સ નંબર. | કામદારનું નામ. | રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | ૪૦૩/૨૦૦૦ | શ્રી મહેશ બુધાભાઈ માંગ | ૨૦,૦૦૦/– |
| ૨. | ૪૧૧/૨૦૦૦ | શ્રી રમેશ શંકર માંગ | ––– |
| ૩. | ૪૧૨/૨૦૦૦ | શ્રી રામજી નાથુભાઈ રાઠોડ | ૨૦,૦૦૦/– |
| ૪ | ૪૧૩/૨૦૦૦ | શ્રી પાંડુ લલ્લુભાઈ વાંસફોડા | ૨૦,૦૦૦/– |
| ૫ | ૪૧૪/૨૦૦૦ | શ્રી લક્ષ્મણ કે. ચૌધરી | ૨૦,૦૦૦/– |
| ૬ | ૪૧૫/૨૦૦૦ | શ્રી સંજય બાલુભાઈ માંડોરે | ––– |
| ૭. | ૪૧૬/૨૦૦૦ | શ્રી કનૈયા રમેશભાઈ વાંસફોડા | ૨૦,૦૦૦/– |
| ૮ | ૪૧૭/૨૦૦૦ | શ્રી મંગુ કીકાભાઈ રાઠોડ | ૨૦,૦૦૦/– |
| ૯ | ૪૧૯/૨૦૦૦ | શ્રી શીવા લલ્લુભાઈ વાંસફોડા | ૨૦,૦૦૦/– |
| ૧૦ | ૪૨૦/૨૦૦૦ | શ્રી ધનસુખ રમેશભાઈ વાંસફોડા | ૨૦,૦૦૦/– |
| ૧૧. | ૪૨૨/૨૦૦૦ | શ્રી બુધા ભીખાભાઈ નાયકા | ૨૦,૦૦૦/– |
| ૧૨ | ૪૨૩/૨૦૦૦ | શ્રી મંગુભાઈ રવજીભાઈ રાઠોડ | ––– |
| ૧૩ | ૪૨૬/૨૦૦૦ | શ્રી હરીશ શુકકરભાઈ માંગ | ––– |
| ૧૪ | ૪૨૭/૨૦૦૦ | શ્રી સંજય ઈશ્વરભાઈ માંગ | ૨૦,૦૦૦/– |
| ૧૫ | ૪૨૮/૨૦૦૦ | શ્રી મનીષ બાબુભાઈ પટેલ | ૨૦,૦૦૦/– |

ઉપરોકત અ.નં.૧ થી ૧૧ રેફરન્સ કેસોનો તા.:૩૦/૧૨/૨૦૧૪ ના હુકમથી રેફરન્સ અંશતઃ મંજુર કરવામાં આવેલ છે. જે અત્રેની કચેરીએ આવક નંબર.:૫૦ થી ૬૦ / તા.:૮–૪–૨૦૧૫ તેમજ આવક નંબર.:૧૦૦ થી ૧૧૨ રૂા.૫૦૦૦/– પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકાર દરેક શ્રમયોગીઓને ચુકવવા પાત્ર થાય છે. સદરહુ કોર્ટના હુકમ અન્વયે ચુકવવા થતાં નાણાંનો ખર્ચ એક કામદારને રૂા. ૨૦,૦૦૦/– લેએ ૧૧–કામદારોને રૂા. ૨,૨૦,૦૦૦/– નુ બીલ બનાવવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, જ.બોર્ડની મંજુરતની અપેક્ષાએ ચુકવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ. કા. નં.–૧૭.</u>

<u>વિષયઃ–</u>ડ્રેનેજ પાઈપ લાઈન મેનહોલ ચેમ્બર મૂકવા માટે ફ્રેમ / કવર ખરીદીનું બીલ રૂા.૩,૯૬,૪૦૦/– પુરાનું મંજુર કરવા બાબત..

<u>ઠરાવઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,ડ્રેનેજ શાખામાં સને ૨૦૧૪–૧૫ ના વર્ષ માટે આર.સી.સી. ફ્રેમ તથા ઢ ાંકણો ખરીદ કરવા અંગેના કુલ–૫ ટેન્ડરો / ભાવપત્રકો આવેલ હતા. તેમાંથી ત્રણ વેપારીઓએ (૧) ૬૦૦ ×૪૦૦ એમ.એમ.ડાયાના હેવી ડયુટી ચોરસ ફ્રેમ કવર સહિત ઢાંકણનાં એક સેટનાં ભાવો (૨) ૬૦૦ એમ.એમ. હેવી ડયુટી ફ્રેમ કવર સહીતનાં ગોળાકાર ઢાંકણોના એક સેટનાં ભાવો (૩) ૬૦૦ એમ.એમ. ગોળાકાર હેવી ડયુટી ફકત ઢાંકણોના ભાવો આવેલ. જેમાં વસંત હાર્ડવેર એન્ડ જનરલ સ્ટોર્સ, વલસાડ. રાજપરા બ્રધર્સ,વાપી, ચિરાગ એજન્સી, વલસાડ એ ઉપરોકત ત્રણ ભાવો ભરેલ હતા. જેમાં વસંત હાર્ડવેર એન્ડ જનરલ સ્ટોર્સ, વલસાડના સૌથી ઓછા ભાવો આવેલ છે. જેઓ એલ–૧ હોય, તેમની પાસેથી સદર વાર્ષિક કોન્ટ્રાકટ મુજબ ડ્રેનેજ શાખા જા.નં.૧૦૬ / તા.:૧૫/૧૨/૨૦૧૪ થી ઉપરોકત ત્રણ આઈટમનો વર્કઓર્ડર આપવામાં આવેલ. પરંતુ પેપરમાં જાહેરાત આપવામાં આવેલ તેમાં શરતચુકથી ૬૦૦ એમ.એમ. હેવી ડયુટી ગોળાકાર ઢાંકણનાં ભાવો અંગેનો ઉલ્લેખ થયેલ ન હોય પરંતુ સદર આવેલ ત્રણે વેપારીએ સદર આઈટમનાં ભાવો ભરેલ હોય, સદર ભાવો ડ્રે.ક.ઠ.નં.૩૧ તા.:૧૧/૧૧/૨૦૧૪ થી મંજુર કરેલ છે. જે મંજુર થયેલ ભાવથી વસંત હાર્ડવેર એન્ડ જનરલ સ્ટોર્સ, વલસાડને ડ્રેનેજ શાખા ધ્વારા વર્ક ઓર્ડર નં.૧૦૬ / તા.: ૧૫/૧૨/ ૨૦૧૪ થી ખરીદ કરવા અંગેનો આપવામાં આવેલ છે. જે મુજબનો પુરેપુરો માલ તેઓએ સપ્લાય કરેલ. જે અંગેનુ ં આવેલ બીલ રૂા.૩,૯૬,૪૦૦/– પુરાનું ચુકવણું કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, ચુકવણું કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

..૧૭..



<u>વ. કા. નં.–૧૮.</u>

વિષયઃ–વોર્ડ નં.–૧૪ નવી નગરી વિસ્તારમાં પેવર બ્લોક નાંખવા અંગેનું એસ્ટીમેઈટ રૂા.૧,૯૮,૫૦૦/– મંજુર કરવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, અબ્રામા ઝોન વિસ્તારના વોર્ડ નં.–૧૪, નવી નગરી વિસ્તારમાં પેવર બ્લોક નાંખવું જરૂરી હોય, સદર વિસ્તાર નિચાણવાળો હોવાથી વરસાદી પાણીનો ભરાવો રહે છે. જેથી પેવર બ્લોક નાંખવા અંગેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૯૮,૫૦૦/– પુરા મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ. કા. નં.–૧૯.

વિષયઃ–વોર્ડ નં.–૧૦ ના વશીફળીયા ,અમિત વશીના ઘરવાળા વિસ્તાર સુધીમાં પેવર બ્લોક નાંખવા અંગેનું એસ્ટીમેઈટ રૂા.૭૩,૯૦૦/– મંજુર કરવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, અબ્રામા ઝોન વિસ્તારના વોર્ડ નં.–૧૦, વશીફળીયા ,અમિત વશીના ઘરવાળા વિસ્તાર સુધીમાં પેવર બ્લોક નાંખવા જરૂરી હોય, તથા સદર વિસ્તાર નિચાણવાળો હોવાથી વરસાદી પાણીનો ભરાવો રહે છે. જેથી પેવર બ્લોક નાંખવા અંગેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૭૩,૯૦૦/– પુરા મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ. કા. નં.–૨૦.

વિષયઃ–વોર્ડ નં.–૨ ના વાવડી, નવીનભાઈના ઘર પાસે, જાહેર શૌચાલય પાસેની ગલી વિગેરે વિસ્તારમાં પેવર બ્લોક નાંખવા અંગેનું એસ્ટીમેઈટ રૂા.૭,૭૧,૯૦૦/– મંજુર કરવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વોર્ડ નં.–૨ ના વાવડી, નવીનભાઈના ઘર પાસે, જાહેર શૌચાલય પાસેની ગલી, સીતાબેનના ઘર પાસેની ગલી, સીતાબેનના ઘર પાછળથી કિરણભાઈના ઘર પાછળ, તથા મધીયા ઘાણાવાળાના વિસ્તાર સુધીમાં પેવર બ્લોક નાંખવા જરૂરી હોય, જેથી પેવર બ્લોક નાંખવા અંગેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૭,૭૧,૯૦૦/– પુરા મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ. કા. નં.–૨૧.

વિષયઃ–વોર્ડ નં.–૧૦ ના અભિલાષા એપાર્ટ.–ડી થી ર્ડા.પટેલના ઘર સુધીના વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ અંગે, વોટર ડ્રેઈન લાઈન નાંખવા અંગેનું એસ્ટીમેઈટ રૂા.૮૬,૯૦૦/– મંજુર કરવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વોર્ડ નં.–૧૦ ના વોર્ડ નં.–૧૦ ના અભિલાષા એપાર્ટ.–ડી, થી ર્ડા.પટેલના ઘર સુધીના વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ અંગે, વોટર ડ્રેઈન લાઈન નાંખવાની જરૂરીયાત હોય, જે અંગેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૮૬,૯૦૦/– પુરા મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ. કા. નં.–૨૨.

વિષયઃ– ના.સરકારશ્રી ( જી.એસ.ડી.એમ.એ) ધ્વારા વ.ન.પા.ને ફાળવવામાં આવેલ ટવીન એન્જીન બોટ–૩૦–એચ.પી. બોટ નંગ–૨ ના એન્જીનનું ઓઈલીંગ અને સર્વીસીંગ તથા જરૂરી સ્પેરપાર્ટસની ખરીદીનું આવેલ બીલ રૂા.૫૦,૦૦૦/– પુરા મંજુર કરવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રી ( જી.એસ.ડી.એમ.એ) ધ્વારા વ.ન.પા.ને ફાળવવામાં આવેલ ટવીન એન્જીન બોટ–૩૦–એચ.પી. બોટ નંગ–૨ ના એન્જીનનું ઓઈલીંગ અને સર્વીસીંગ તથા જરૂરી સ્પેરપાર્ટસની ખરીદી ,વહીવટી શાખા જા.નં.૪૬૦ / ૨૦૧૪–૨૦૧૫ તા.: ૬–૬–૨૦૧૪ થી સીગલ લોટર્સ, પો.બો. નં.૬૪,હનુમાન સ્ટ્રીટ, બીલીમોરાને વર્કઓર્ડર આપવામાં આવેલ જે મુજબ સદર ઠેકેદારશ્રીએ સર્વીસીંગ તથા જરૂરી સ્પેર પાર્ટસની ખરીદી કરેલ હોય જે મુજબનું આવેલ બીલ રૂા.૫૦,૦૦૦/–પુરાનું ચુકવણું કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

..૧૮..

વ. કા. નં.–૨૩.

વિષયઃ– તીથલ રોડ, નૂતનનગર સોસાયટીની સામે આવેલ રસ્તાનાં વળાંક પાસે ઈલેકટ્રીક પોલ શીફટીંગ કરવાના કામનું આવેલ એસ્ટીમેઈટની રકમ રૂા.૬૧,૪૩૭ /– પુરા મંજુર કરવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,ડૉ.શૈલેજા મહસ્કરની ફરીયાદ નિવારણનાં કેસમાં મળેલ સુચના મુજબ ,તીથલ રોડ, નૂતનનગર સોસાયટીની સામે આવેલ રસ્તાનાં વળાંક પાસે ઈલેકટ્રીક પોલ આવેલ છે. જેને શીફટીંગ કરવાની સુચના મળેલ છે. સદર મળેલ સુચના અન્વયે, દ.ગુ.વીજ કંપની લીમી.વલસાડ પાસેથી કવોટેશન મેળવતાં દ.ગુ.વીજ કંપની, વલસાડ ધ્વારા સદર પોલ શીફટીંગ કરવાના કામનું આવેલ એસ્ટીમેઈટની રકમ રૂા.૬૧,૪૩૭ /– પુર મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ. કા. નં.–૨૪.

વિષયઃ– ડી.એમ.ડી.જી. મ્યુનિ. સ્કુલની પાછળનાં ભાગે,સ્પોર્ટસ કોમ્પલેક્ષનું બાંધકામ કરવામાં આવેલ છે. સદર સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં વીજ જોડાણ મેળવવા અંગેનું કવોટેશનની રકમ રૂા.૩,૬૮,૩૩૦/– પુરા મંજુર કરવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રીની **SJMMSVY UDP-56** તેમજ **78** ની યોજના હેઠળ, ડી.એમ.ડી.જી. મ્યુનિ. સ્કુલની પાછળનાં ભાગે,સ્પોર્ટસ કોમ્પલેક્ષનું બાંધકામ કરવામાં આવેલ છે. સદર સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં વીજ જોડાણ મેળવવાની જરૂરીયાત હોય,દ.ગુ.વિજ કંપની લી.,વલસાડ પાસેથી કવોટેશન મેળવતાં, કવોટેશનમાં જણાવ્યા મુજબની રકમ રકમ રૂા.૩,૬૮,૩૩૦/– પુરા મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ. કા. નં.–૨૫.

વિષયઃ– વલસાડ નગરપાલિકામાં ના. સરકારશ્રીના જુદા જુદા કાર્યક્રમો અંતર્ગત ડીઝીટલ ઝોન, વલસાડ પાસે જુદા જુદા ફલેક્ષ બેનરો બનાવડાવેલ જેના આવેલ બીલ રૂા. ૭૨,૦૭૨/– પુરા મંજુર કરવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકામાં ના. સરકારશ્રીના જુદા જુદા કાર્યક્રમો અંતર્ગત નીચે જણાવ્યા મુજબની કામગીરી અન્વયે ડીઝીટલ ઝોન, વલસાડ પાસે જરૂરી કામગીરી કરાવેલ જે અંગેના આવેલ બીલોના ચુકવણા કરવા અંગે તથા સદર બીલોના ખર્ચને મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | કામની વિગત. | બીલની રકમ રૂા. |
|---|---|---|
| ૧ | મા.મુખ્યમંત્રીશ્રીના કાર્યક્રમ અંગેના ફલેક્ષ બેનરો.. | ૮૬૪૦–૦૦ |
| ૨ | મા.મુખ્યમંત્રીશ્રીના વલસાડ જીલ્લાના કાર્યક્રમ માટેના બેનરો.. | ૮૬૪૦–૦૦ |
| ૩ | ના.સરકારશ્રીના મોગરાવાડી આવાસ યોજના કાર્યક્રમ બેનર.. | ૨૮૦૮–૦૦ |
| ૪ | ના.સરકારશ્રીના પ્રવેશોત્સવ–૨૦૧૪ ના હોર્ડીગ્સ.. | ૪૬૯૪૪–૦૦ |
| ૫ | વલસાડ નગરપાલિકા હેલ્પલાઈન નંબરો માટેના ફલેક્ષ બેનર.. | ૫૦૪૦–૦૦ |
| | કુલ બીલની રકમ .. | ૭૨,૦૭૨–૦૦ |

સ.મ.મંજુર..

વ. કા. નં.– ૨૬ .

વિષયઃ– નગરપાલિકાની ઈનોવા કાર જીજે.૧૫. જી–૧૧૬૨ માટેનાં ટાયર ખરીદ કરવા અંગેના આવેલ ભાવો મંજુર કરવા બાબત..

..૧૯..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકાની મે. પ્રમુખ સાહેબ હસ્તકની ઈનોવા કાર, જીજે.૧૫. જી–૧૧૬૨ નાં ટાયર ખુબજ જૂના થઈ ગયેલ છે. જેને બદલવાની જરૂરીયાત ઉભી થતાં સ્થાનીક બજારમાંથી ભાવો મંગાવતા, જુદી જુદી ત્રણ એજન્સીઓના ભાવપત્રક આવેલ છે. જે તા.:૩૧–૩–૨૦૧૫ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. જેનું તુલનાત્મકપત્રક નીચે મુજબ છે.

| અ. નં. | એજન્સીનું નામ. સરનામુ. | ભરેલ ભાવોની વિગત. | રૂા. |
|---|---|---|---|
| ૧ | નેશનલ ટાયર વર્કસ, ને.હા.નં.–૮,આશારામ કોમ્પલેક્ષ, વાપી. | **Appolo 205 / 65.R, 4 X 6000/-**<br>**Bridgston 205 / 65.R, 4 X 6600/-** | **24000/-**<br>**26400/-** |
| ૨ | શ્રી આર.કે. ટાયર્સ ગુંદલાવ ચોકડી, રાના કોમ્પલેક્ષ, વલસાડ. | **Appolo 205 / 65.R, 4 X 5950/-**<br>**Bridgston 205 / 65.R, 4 X 6550/-** | **23800/-**<br>**26200/-** |
| ૩ | સીટી ટાયર્સ એન્ડ વ્હીલ એલાઈમેન્ટ, ૪,વિષ્ણુ ચેમ્બર,બેચરરોડ, વલસાડ. | **Appolo 205 / 65.R, 4 X 5900/-**<br>**Bridgston 205 / 65.R, 4 X 6450/-** | **23600/-**<br>**25800/-** |

ઉપરોકત આવેલ ત્રણ ભાવોનું તુલનાત્મક પત્રક જોતાં એકંદરે,સીટી ટાયર્સ એન્ડ વ્હીલ એલાઈમેન્ટ, ૪,વિષ્ણુ ચેમ્બર, બેચરરોડ, વલસાડના **Appolo 205 / 65.R, 4 X 5900/-** ,રૂા.**23600/-** **Bridgston 205 / 65.R, 4 X 6450/-** , રૂા.**25800/-** –પુરા આવેલ હોય, જે અન્ય આવેલ ભાવો કરતાં, સૌથી ઓછા હોય, જે મંજુર કરી, મંજુર થયેલ ભાવે,સીટી ટાયર્સ એન્ડ વ્હીલ એલાઈમેન્ટ, ૪,વિષ્ણુ ચેમ્બર, બેચરરોડ, વલસાડ પાસે ખરીદી કરવાનું તથા ખરીદી કર્યા બાદ આવતાં બીલનું ચુકવણું કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ. કા. નં.– ૨૭ .

વિષયઃ– ધરમપુર રોડ ઓવર બ્રીજથી અટકપારડી ચાર રસ્તા સુધીના રસ્તાની વચ્ચે ડીવાઈડરમાં ઈલેકટ્રીક પોલ ઉપર જાહેરાતના બોર્ડ મુકવામાં આવેલ છે. જેની મુદતમાં વધારો કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ધરમપુર રોડ ઓવર બ્રીજથી અટકપારડી ચાર રસ્તા સુધીના રસ્તાની વચ્ચે ડીવાઈડરમાં ઈલેકટ્રીક પોલ ઉપર ૨૬'' × ૩.૦૦'' ની સાઈઝમાં જાહેરાતના બોર્ડ મુકવામાં આવેલ છે. સદરહું બોર્ડ ઉપર જાહેરાત રાખવા માટે કા.સ.ઠ.નં.૨૨૦ / ૨૩–૭–૧૨ થી હર્ષ એડવટાઈઝીંગ ,વલસાડનો ભાવ મંજુર કરવામાં આવેલ છે. સદરહું એજન્સીનો કોન્ટ્રાકટ તા.:૩૧–૩–૧૪ નાં રોજ પુરો થાય છે. જેથી સદર એજન્સીએ તા.:૩૧–૩–૧૬ નાં રોજ સુધીની મુદતમાં વધારો કરવાની માંગણી કરવામાં આવેલ છે. જે હકીકતોથી વિદિત થતાં, સદર એજન્સી પાસેથી વાર્ષિક ૧૦% વધારો કરી, સદર એજન્સીની મુદતમાં વધારો કરી આપવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ. કા. નં.– ૨૮ .

વિષયઃ– નગરપાલિકા કચેરીનાં પાછળના ભાગે નગરપાલિકાને કલર કામ કરવાના કામનો આવેલ એસ્ટીમેઈટ મંજુર કરી કામગીરી કરાવવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, નગરપાલિકા કચેરીનાં પાછળનાં ભાગે નગરપાલિકા કચેરીને કલર કામ કરવાની જરૂરીયાત હોય તેમજ નવીન નગર સેવા સદનનું ખાતમુર્હત તેમજ પાણી પુરવઠાનાં કામોનું લોકાપર્ણ માનનીય મંત્રીશ્રી પધારનાર હોય સદર કામગીરી કરવાની અત્યંત જરૂરીયાત હોવાથી સદર કામનો આવેલ સને–૨૦૧૩–૧૪ માં એસ.ઓ.આર. મુજબનો એસ્ટીમેઈટની રકમ રૂા. ૩,૩૯,૦૦૦/–પુરાનો આવેલ છે. સદર આવેલ એસ્ટીમેઈટ મંજુર કરી સદર કામગીરી તાત્કાલીક કરવાની જરૂરીયાત હોવાથી શ્રી ભરતકુમાર એ.ઓડેદરા, વલસાડની તા.:૧૬–૪–૨૦૧૫ ની લેખીત સંમતી આવેલ છે. તે મુજબ તેઓએ સને ૨૦૧૩–૧૪ નાં એસ.ઓ.આર. થી કામગીરી કરવાની લેખીત સંમતી આપેલ હોય સદર આવેલ લેખીત સંમતી મુજબ સદર કામગીરી ઠેકેદારશ્રી ભરતકુમાર એ. ઓડેદરા,વલસાડ પાસેથી કામગીરી કરાવવા માટે સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.. ..૨૦..



વ. કા. નં.– ૨૯ .

વિષયઃ– **SJMMSVY UDP- 78 ( 14-15)** ની યોજના હેઠળ સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં જીમ્નેશીયમ ઈકવીપમેન્ટ (પાર્ટ–૧) ની ખરીદી કરવાના કામ બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, **SJMMSVY UDP- 78 ( 14-15)** ની યોજના હેઠળ સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં જીમ્નેશીયમ માટે ફીટનેશ ઈકવીપમેન્ટ ( પાર્ટ–૧) ની ખરીદી કરવાની જરૂરીયાત છે. સદર કામની આર.એન્ડ બી. વિભાગ, વલસાડ તરફથી તાંત્રીક મંજુરી મેળવેલ છે. સદર તાંત્રીક મંજુરીનાં ૦.૩૧% નીચા ભાવથી સદર ઈકવીપમેન્ટ સપ્લાય કરવા માટે શ્રી રાધિકા કન્સ્ટ્રકશન, વડોદરાની તા.: ૧૦–૪–૧૫ નાં રોજ લેખીત સંમતી આપેલ છે. સદર લેખીત સંમતી મુજબ સદર કામનાં કન્સ્લટન્ટશ્રીએ ૨૬–૩–૧૫ નાં રોજ જરૂરી અભિપ્રાય આપેલ છે. જેને ધ્યાને લઈ સદર કામગીરી તાત્કાલીક કરવાની જરૂરીયાત હોવાથી રાધિકા કન્સ્ટ્રકશન ,વડોદરા પાસેથી કરાવવા માટે જરૂરી વર્કઓર્ડર આપવામાં આવેલ છે. જેને બહાલ રાખી સદર કામગીરી કરાવવાનું મંજુર કરવાનું તેમજ સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ. કા. નં.– ૩૦ .

વિષયઃ– **SJMMSVY UDP- 78 ( 14-15)** ની યોજના હેઠળ સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં જીમ્નેશીયમ ઈકવીપમેન્ટ (પાર્ટ–૨) ની ખરીદી કરવાના કામ બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, **SJMMSVY UDP- 78 ( 14-15)** ની યોજના હેઠળ સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં જીમ્નેશીયમ માટે ફીટનેશ ઈકવીપમેન્ટ ( પાર્ટ–૨) ની ખરીદી કરવાની જરૂરીયાત છે. સદર કામની આર.એન્ડ બી. વિભાગ, વલસાડ તરફથી તાંત્રીક મંજુરી મેળવેલ છે. સદર તાંત્રીક મંજુરીનાં ૦.૩૧% નીચા ભાવથી સદર ઈકવીપમેન્ટ સપ્લાય કરવા માટે શ્રી રાધિકા કન્સ્ટ્રકશન, વડોદરાની તા.: ૧૦–૪–૧૫ નાં રોજ લેખીત સંમતી આપેલ છે. સદર લેખીત સંમતી મુજબ સદર કામનાં કન્સ્લટન્ટશ્રીએ ૨૬–૩–૧૫ નાં રોજ જરૂરી અભિપ્રાય આપેલ છે. જેને ધ્યાને લઈ સદર કામગીરી તાત્કાલીક કરવાની જરૂરીયાત હોવાથી રાધિકા કન્સ્ટ્રકશન ,વડોદરા પાસેથી કરાવવા માટે જરૂરી વર્કઓર્ડર આપવામાં આવેલ છે. જેને બહાલ રાખી સદર કામગીરી કરાવવાનું મંજુર કરવાનું તેમજ સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ. કા. નં.– ૩૧ .

વિષયઃ– તા.:૧૪–૩–૧૫ ના રોજ ન.પા. કચેરીના સામેના ભાગે આવેલ કોર્મશીયલ પ્લોટમાં નવા શોપીંગ મોલના બાંધકામ ખાર્તમુર્હત (પૂજાવિધિ) પ્રસંગે ગ્રાઉન્ડ ઉપર ડીસ્પ્લે માટે હોર્ડીગ્સ મોટા ફીંટીંગ સાથે બનાવેલ જે અંગેનું કામનું આવેલ બીલ રૂા.૧૫૦૦૦/– પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, તા.:૧૪–૩–૧૫ ના રોજ ન.પા. કચેરીના સામેના ભાગે આવેલ કોર્મશીયલ પ્લોટમાં નવા શોપીંગ મોલના બાંધકામ ખાર્તમુર્હત (પૂજાવિધિ) પ્રસંગે ગ્રાઉન્ડ ઉપર ડીસ્પ્લે માટે હોર્ડીગ્સ મોટા ફીંટીંગ સાથે,રામગીરી ડેકોરેટર્સ,વલસાડ પાસે બનાવડાવેલ. જે અંગેનું આવેલ બીલ રૂા.૧૫૦૦૦/– પુરાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ. કા. નં.– ૩૨.

વિષયઃ– વોર્ડ નં.–૯, માં આવેલ અંબાજી નગર,અબ્રામા વિસ્તારમાં આર.સી.સી. રીટેઈનીંગ વોલ બનાવવા અંગેનું એસ્ટીમેઈટ રૂા.૧,૦૩,૭૦૦/– મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વોર્ડ નં.–૯, માં આવેલ અંબાજી નગર,અબ્રામા વિસ્તારમાં આવેલ વરસાદી કાંસ ભારે વરસાદનાં કારણે તૂટી જવા પામેલ છે. જેથી સદર વિસ્તારમાં આર.સી.સી. રીટેઈનીંગ વોલ બનાવવાની જરૂરીયાત હોવાથી, સદર કામનો આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૦૩,૭૦૦/– મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

..૨૧..



વ. કા. નં.– ૩૩ .

વિષયઃ– વોર્ડ નં.–૯,માં આવેલ અંબાજી નગર વિસ્તારમાં અંબામાતાના મંદીરની પાસે પેવરબ્લોક નો રસ્તો બનાવવાનું એસ્ટીમેઈટ રૂા.૧,૮૨,૭૦૦/– મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વોર્ડ નં.–૯, માં આવેલ અંબાજી નગર વિસ્તારમાં આવેલ અંબામાતા મંદીરની પાસે રસ્તો ખરાબ હોવાથી સદર સ્થળે પેવર બ્લોકનો રસ્તો બનાવવાની જરૂરીયાત હોવાથી સદર કામગીરી કરાવવા માટેના આવેલ પેવરબ્લોકનાં રસ્તાનો એસ્ટીમેઈટ રૂા.૧,૮૨,૭૦૦/– મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ. કા. નં.– ૩૪ .

વિષયઃ– મણીનગર સોસાયટીમાં ઈચ્છાબા વાડીની સામેનાં ભાગે બોક્ષ ડ્રેઈન વરસાદી પાણીની ગટર લાઈન બનાવવા અંગેનું એસ્ટીમેઈટ રૂા.૨૨,૨૫,૩૦૦/– મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,મણીનગર સોસાયટીમાં ઈચ્છાબા વાડીની સામેનાં ભાગે વરસાદી પાણીનો ભરાવો થાય છે જેથી સદર વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે બોક્ષ ડ્રેઈન વરસાદી પાણીની ગટર લાઈન બનાવવાની જરૂરીયાત હોવાથી સદર કામનો આવેલ એસ્ટીમેઈટ રૂા.૨૨,૨૫,૩૦૦/– મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ. કા. નં.– ૩૫ .

વિષયઃ–વોર્ડ નં.–૩ રામ એપાર્ટમેન્ટ થી પૂરબપશ્વિમ એપાર્ટમેન્ટ સુધી સ્ટ્રોમ વોટર બોક્ષ ડ્રેઈન ગટર બનાવવા એસ્ટીમેઈટ રૂા.૫,૬૬,૪૦૦/– મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વોર્ડ નં.–૩ રામ એપાર્ટમેન્ટ થી પૂરબપશ્વિમ એપાર્ટમેન્ટ સુધી વરસાદી પાણીના નિકાલ અંગે સ્ટ્રોમ વોટર બોક્ષ ડ્રેઈન ગટર બનાવવી જરૂરી હોય જે અંગેના કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૫,૬૬,૪૦૦/– મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ. કા. નં.– ૩૬ .

વિષયઃ–વોર્ડ નં.–૩ , જી.વી.ડી. સાર્વ. હાઈસ્કુલ પાછળ વિસ્તારમાં પેવરબ્લોક નાંખવાનું એસ્ટીમેઈટ રૂા.૧,૭૯,૩૦૦/– મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વોર્ડ નં.–૩ , જી.વી.ડી. સા.હાઈસ્કુલ પાછળ વિસ્તારમાં પેવર બ્લોક નાંખવા જરૂરી હોય, જે અંગેના કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૭૯,૩૦૦/– મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ. કા. નં.– ૩૭ .

વિષયઃ– વોર્ડ નં.–૩ , ત્રિમૂર્તિ એપાર્ટમેન્ટ અંબામાતા મંદીર પાછળના ભાગમાં પેવરબ્લોકનો રસ્તો બનાવવાનું એસ્ટીમેઈટ રૂા.૪,૦૦,૮૦૦/– મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વોર્ડ નં.–૩, ત્રિમૂર્તિ એપાર્ટમેન્ટ,અંબામાતા મંદિર પાછળના ભાગમાં પેવરબ્લોક રસ્તો બનાવવો જરૂરી હોય, જે ધ્યાને લેતાં સદર કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૪,૦૦,૮૦૦/– મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ. કા. નં.– ૩૮ .</u>

<u>વિષયઃ–</u> શાપુરનગર ઈસ્લામપુરા ગટર ઉપર આર.સી.સી. સ્લેબ નાંખેલ તેનું વધારાનાં કામનું રી.એસ્ટીમેઈટ તથા શાપુરનગર ઈસ્લામપુરા ટ્રીમીક્ષ સીમેન્ટ ક્રોંકીટ રોડ બનાવવાનું વધારાનાં કામનું રીવાઈઝડ એસ્ટી. કુલ રૂા.૮,૭૪,૬૫૬/–અંકે રૂા. આઠ લાખ, ચુમ્મોતેર હજાર છસો છપ્પન પુરાનું મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

શાપુરનગર ઈસ્લામપુરા વિસ્તારમાં આવેલ ગટર ઉપર આર.સી.સી. સ્લેબ નાંખવાનું તથા ટ્રીમીક્ષ સીમેન્ટ ક્રોંકીટ રોડ બનાવવાના કામે જ.બો.ઠ.નં.૯૬ તા.:૩૧–૭–૨૦૧૨ થી નીચે જણાવેલ વિગતે એસ્ટીમેઈટ રૂા. ૭૯,૯૯૨/– રૂા.૫,૭૬,૦૦૦/– પુરાનું મંજુર કરવામાં આવેલ હતું. સદર જણાવેલ કામગીરી કરાવવામાં આવતાં અનુક્રમે– કામગીરી રૂા.૧,૦૬,૬૫૬/– તથા રૂા.૭,૬૮,૦૦૦/– મળી કુલ રૂા.૮,૭૪,૬૫૬/– પુરાની થવા જાય છે અને સદર રીવાઈઝડ એસ્ટી.મુજબની કામગીરી કરાવવામાં આવેલ હોઈ તેને બહાલ રાખી રીવાઈઝડ એસ્ટીમેઈટ રૂા.૮,૭૪,૬૫૬/– પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

સહી /– અવાચ્ય
(શ્રી ધર્મિન. પી. શાહ )
ચેરમેન
કારોબારી સમીતી
વલસાડ નગરપાલિકા.